સુવિચાર
"સંબંધોને બનતા વર્ષો લાગે છે, તૂટતા એક ક્ષણ."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ વદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૧૭૭

## પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપની કામગીરી


# અમરેલીમાંથી શંકાસ્પદ ઘી બનાવતું યુનિટ ઝડપાયુ

**બટારવાડી વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાંથી ઘી બનાવવાની સાધન સામગ્રી ઝડપાઈ**

**પોલીસ વિભાગે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનાં અધિકારીને બોલાવ્યા**

**નિયમ મુજબ ઘીનાં નમૂના લઈને ચકાસણી કરવા માટે લેબમાં મોકલી દેવાયા**

**રહેણાંક મકાનનો કબ્જો સંજય રમેશભાઈ વીરાણી રે. બાઢડા પાસે હોવાનું ખુલ્યુ**







અમરેલી, તા.૯

અમરેલીનાં પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બનાવટી ચિજવસ્તુઓના ઉત્પાદન અને વેચાણની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શોધી કાઢી તેને નેસ્ત નાબુદ કરવા અમરેલી જિલ્લા પોલીસને સુચના આપેલ હતી. જે અનુસંધાને અમરેલી એસઓજી પોલીસ ટીમ અમરેલી જિલ્લા વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમોમાં આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ શોધી કાઢવા ટેકનીકલ તથા અંગત હ્યુમન સોર્સ ધ્વારા તપાસ હાથ ધરેલ હતી. જે અન્વયે અમરેલી એસઓજી પોલીસ ટીમને પેટ્રોલીંગ

અનુસંધાન પાના ૬ ઉપર

## સારવારમાં દેવુ થઈ જતાં યુવક વ્યાજે નાણા લેવા મજબુર

# ધારીમાં પિતાની સારવાર માટે રૂપિયા ૧ લાખ વ્યાજે લેનાર યુવકને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરાયા

**યુવકની વડિલોપાર્જીત જમીનનું આરોપીએ બાનાખત કરાવી લીધુ**

અમરેલી, તા.૯

ધારી ગામે જુની સિનેમા રોડ ઉપર રહેતા રાજેશભાઈ જેઠાભાઈ ગોહીલ નાના ૩૧ વર્ષિય યુવકના પિતાને કેન્સરની બીમારો હોય. જેની તેમની સારવારમાં તેઓની ઉપર દેણું થઈ જતાં યુવકે ધારી ગામે રહેતા આરોપી રાકેશભાઈ ધીરૂભાઈ હડીયાને પૈસા આપવાનું કહેતા આરોપીએ વગર લાયસન્સે, ઉંચા વ્યાજે યુવકને રૂપિયા ૧,૦૦,૦૦૦ની રકમ ૫ ટકાના વ્યાજે આપી હતી અને આરોપીએ યુવકની વડિલોપાર્જીત ધારી ગામતળની ખાતા નં. ૨૭૮ પૈકી સર્વે નંબર ૯૧૦ની જમીન હે.આરે. ચો.મી. ૧–૭૧–૨૪ વાળી જમીનનું કબ્જા સાથેનું બાનાખત વેચાણ કરાર કરાવી લીધેલ. ઉપરાંત યુવક પાસે રકમ ઉપર ત્રણ મહિના સુધી ૫ ટકા લેખે રૂપિયા ૧૫,૦૦૦નું વ્યાજ લઈ યુવકના પરિવારના સભ્યોને જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે હડધુત, અપમાનીત કરી ખરાબ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.

બાદમાં આરોપીએ યુવકને રૂપિયા ૪,૦૦,૦૦૦ આપવાની વાત કરી અને યુવક પાસે ફરીથી કબ્જા સાથેનું બાનાખત કરાવી લઈ તે બાનાખત રજીસ્ટર કરાવી લીધુ હતુ અને બાદમાં આરોપીએ યુવકને રૂપિયા ન આપતા યુવકે પૈસા આપવાનું સમજાવતા આરોપીએ ફરીવાર યુવક તથા તેઓના પરિવારને જાહેરમાં તેઓની જ્ઞાતિ પ્રત્યે અપમાનીત, હડધુત કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી અને બાનાખત રદ કરાવવા યુવક પાસે રૂપિયા ૧૨,૦૦,૦૦૦ જેટલી રકમ લીધાની આઈપીસી કલમ–૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત નાણા ધીરધાર કરનારા બાબત અધિનિયમ ૨૦૧૧ની કલમ–૪૨(એ) (ડી) (ઈ) તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧) (આર), (એસ), ૩(૨) (૫–એ) મુજબની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. અલ્પેશ કિકાણી – હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ, લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત – તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૫:૩૦
ડો. આકાશ માકડીયા – પેડિયાટ્રિક ઓર્થો સર્જન, બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત – તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૬
ડો. જીગર પટેલ – પીડીયાટ્રીક સર્જન, નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન – તા. ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬
ડો. મનિષ પડાણી – ન્યુરો ફીઝીશ્યન, મગજના રોગોના નિષ્ણાંત – તા. ૧૧/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ
ડો. કોમલ વ્યાસ ઉનડકટ

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,30,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૦૭/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬

## સિંહ મેટીંગ પીરિયડમાં હોવાનુ બહાર આવ્યુ

# લીલીયા મોટાનાં અંટાળીયા નજીક સિંહનાં હુમલામાં યુવકનાં મોત બાદ સિંહનુ રેસ્કયુ કરવામાં આવ્યુ

**વનવિભાગે ગેરકાયદેસર લાયન શો સહિતની બાબતે તપાસ શરૂ કરી**




અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાલીયા ગામ નજીક લુવારીયા રિઝર્વ ફોરેસ્ટના બાજુના વિસ્તારમાં ગઈકાલે રાત્રે અમરેલીમાં રહેતો સોહીલ મૂંઝાવર નામનો યુવક પોતાના મિત્રો સાથે લીલીયા ગામેથી લુવારીયા ગામ તરફ તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેઓ રાત્રે ૮ વાગ્યાના સમયે અંધારામાં રસ્તો ભૂલી જતા તેઓ અંટાલીયા નજીકના જંગલ વિસ્તારમાં પહોંચી ગયા. આ દરમિયાન સોહિલને લઘુશંકા માટે ત્યાં રોકાવું પડયું હતું. તે સમયે જ અચાનક સિંહે હુમલો કરી

અનુસંધાન પાના ૬ ઉપર

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિકસ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
→ સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
→ દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
→ દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
→ દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
→ નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
→ ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

## પાળી ઉપરથી ચાલીને જતાં હોય

# રાજુલાનાં નાના રીંગણીયાળા ગામનાં વૃધ્ધનું નદીનાં પાણીમાં ડૂબી જવાથી મોત

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૯

રાજુલા તાલુકાના નાના રીંગણીયાળા ગામે રહેતા ભાણાભાઈ આપાભાઈ બોરીચા નામના ૭૧ વર્ષિય વૃધ્ધ ગત તા. ૭નાં સાંજના આશરે સાતેક વાગ્યાથી તા. ૮નાં ૮ વાગ્યા સુધીમાં નાના રીંગણીયાળા ગામ પાસે આવેલ ધાણો નદીનાં પટ્ટમાં મેલડીમાતાના મંદિરની સામે નદીનો પુલ તુટેલ હોય અને તેઓ પાળી ઉપરથી ચાલીને જતા હતા. તે દરમિયાન પગલપસતા વૃધ્ધને નાની મોટી ઈજાઓ થવાથી તેમજ નદીના પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### SMCનાં દરોડા દરમિયાન હાઈવોલ્ટેજ ડ્રામા

# વેરાવળમાં પીઆઈએ હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું, ૩૪ જુગારીઓ અને ૨૦૦નાં ટોળા સામે બે ફરિયાદ

## પોલીસ ટીમ સામે સ્થાનિક ટોળાએ વિરોધ કર્યો


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૯

વેરાવળ શહેરના મોટા કોળીવાડા વિસ્તારમાં ચાલતી કથિત જુગાર કલબ પર સ્ટેટ મોનીટરીંગ સેલ (એસએમસી) દ્વારા પાડવામાં આવેલા દરોડા દરમિયાન ભારે હંગામો સર્જાયો હતો. દરોડાની કાર્યવાહી દરમિયાન પોલીસને સ્થાનિક ટોળાના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડયો હતો. પરિસ્થિતિ કાબૂ બહાર જતાં એસએમસીના પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એચ. સીસોદીયાએ કાયદો–વ્યવસ્થા જાળવવા હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ વેરાવળ શહેર પોલીસ, એલસીબી સહિત ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા અને સ્થિતિને નિયંત્રણમાં લીધી હતી.

આ સમગ્ર બનાવમાં વેરાવળ સિટી પોલીસ સ્ટેશનમાં બે અલગ–અલગ એફઆઈઆર નોંધવામાં આવી છે. પ્રથમ ગુનામાં ૩૪ આરોપીઓ સામે ગુજરાત જુગાર પ્રતિબંધક કાયદા હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે દરોડા દરમિયાન રૂા. ૨૬,૫૦૦ રોકડ, ૬ મોબાઈલ ફોન, ગંજીપત્તાના ૪૭ પાના સહિત કુલ રૂા. ૫૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે વોન્ટેડ આરોપીઓ તરીકે ઈકબાલ જમાલભાઈ કાલવાત, વિરાભાઈ અમરાભાઈ ચોપડા, જયંતિલાલ રેવાગીરી ગૌસ્વામી, વિશાલ ઉર્ફે પાડો મહેશભાઈ ભુવા, વિશાલ ધુસાભાઈ પરમાર, મનુ ઉર્ફે મનુરાય કેશુભાઈ ચારીયા, કિશન રમેશભાઈ જેઠવા, કેશુ દાનાભાઈ ગાવડીયા, નરશી ઉર્ફે ભજીયું ગોવિંદભાઈ પઢીયાર, ગણેશ રામજીભાઈ ગાવડીયા, ઉમેશ કાનજીભાઈ ગાવડીયા, મુકેશ રાજુભાઈ ગોહેલ, આમદ ઈબ્રાહીમ ચોરવાડા, અલ્હાજ યુસુફ રાઠોડ, સરફરાજ જમાલભાઈ ગોહેલ, યાસર મુસ્તાક વિરભાર, અશ્વિનગીરી રેવાગીરી ગૌસ્વામી, તુલસી ભાણાભાઈ ધારેશા, નીલેશ ઉર્ફે પોપીયો, હરેશ પોય, ભુરો (વરલી મટકા), રવિ, સાબીર, ઉદય પંડિત, ઉદય વાજા, હીરેન પંડિત, પ્રથમ ગાવડીયા, હીત ચારીયા, પુંજીબેન રામજીભાઈ ગાવડીયા, કાજલબેન વિનુભાઈ ગોહેલ, ભાવનાબેન કેશુભાઈ ગાવડીયા, સારદાબેન ભીખુભાઈ વાજા, ભીખુભાઈ વાજાની બહેન, ગીરીશ ગાવડીયાના ભાઈની પત્ની, ગીરીશ રામજીભાઈ ગાવડીયા (જુગારધામનો મુખ્ય સંચાલક), મકાન માલિક ભીખુભાઈ વાજા તેમજ ચાર મોબાઈલ નંબરના વપરાશકર્તાઓ સહિત અન્ય અજાણ્યા વ્યક્તિઓને આરોપી તરીકે દર્શાવ્યા છે.

બીજી એફઆઈઆરમાં પોલીસની ફરજમાં રૂકાવટ, રાયોટિંગ, સરકારી કામગીરીમાં અવરોધ, પોલીસ પર જીવલેણ હુમલાનો પ્રયાસ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની વિવિધ ગંભીર કલમો હેઠળ ૪૦ નામજોગ આરોપીઓ અને આશરે ૨૦૦ જેટલા સ્ત્રી– પુરૂષોના ટોળા સામે ગુનો નોંધાયો છે.

પોલીસના જણાવ્યા મુજબ દરોડા દરમિયાન મુખ્ય સંચાલક ગીરીશ રામજીભાઈ ગાવડીયા અને અન્ય અનેક આરોપીઓ સ્થળ પરથી નાસી છૂટયા હતા. હાલ એસએમસી અને સ્થાનિક પોલીસ દ્વારા તમામ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે.

આ ઘટનાએ વેરાવળ શહેરમાં કાયદો–વ્યવસ્થાને લઈને ગંભીર ચર્ચા જગાવી છે. જુગાર કલબ પર દરોડા દરમિયાન પોલીસ પર હુમલાનો પ્રયાસ અને પીઆઈ દ્વારા કરાયેલા ફાયરિંગને પગલે સમગ્ર જિલ્લામાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે.

# અમરેલીનાં સોનારીયા ગામની મુલાકાત લેતા રાજયમંત્રી વેકરિયા



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં ભારે વરસાદ બાદ સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજયના મંત્રી કૌશિક વેકરિયાએ આજે અમરેલીના સોનારિયા ગામની મુલાકાત લઈને વરસાદથી થયેલા નુકસાનની સ્થળ પર સમીક્ષા કરી હતી. તેમની સાથે વહીવટી તંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન ગ્રામજનો અને ખેડૂત ભાઈઓ સાથે સીધો સંવાદ કરીને તેમની મુશ્કેલીઓ જાણી હતી. ભારે વરસાદના કારણે પાક,મકાનો,રસ્તાઓ અને અન્ય જાહેર સુવિધાઓને થયેલા નુકસાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક લોકોએ પોતાની સમસ્યાઓ રજૂ કરતાં મંત્રીએ તમામ મુદ્દાઓ ગંભીરતાથી સાંભળ્યા હતા.

મંત્રીની મુલાકાત દરમિયાન સંબંધિત વિભાગોના અધિકારીઓને અસરગ્રસ્ત લોકોનું નુકસાનનું સર્વેક્ષણ ઝડપથી પૂર્ણ કરવા તેમજ પાત્ર લાભાર્થીઓને વહેલી તકે વળતર મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. સાથે જ ગામમાં રસ્તા, પાણી, વીજળી સહિતની આવશ્યક સુવિધાઓ ઝડપથી પૂર્વવંત્ થાય તે માટે પણ તાત્કાલિક કામગીરી હાથ ધરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

મંત્રીએ જણાવ્યું હતું કે રાજય સરકાર અસરગ્રસ્ત પરિવારોની સાથે છે અને વરસાદથી થયેલા નુકસાનની ભરપાઈ તેમજ જનજીવન ઝડપથી સામાન્ય બને તે માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે.

### રાજુલા નજીક આવેલ ધારેશ્વર ગામે

# ધાતરવડી નદીમાં ભયજનક પાણીમાં ન્હાવા પડેલ ત્રણ ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી કરતી પોલીસ

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનાં જાહેરનામાનો ભંગ સબબ કાર્યવાહી કરાઈ



અમરેલી, તા. ૯

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત અમરેલી જિલ્લામાં હાલમાં ભારે વરસાદની આગાહીના કારણે કોઈ અનિચ્છનીય બનાવો ન બને તે સારૂ સઘન પેટ્રોલીંગ કરવા સુચના આપેલ હોય. જેમાં અમરેલી જીલ્લામાં આવેલ વિવિધ જળાશયો (નદી, તળાવ, દરીયા, નહેર વગેરે)માં ન્હાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની અતિ ભારે ગંભીર ઘટનાઓ ધ્યાને આવેલ હોય. જેથી આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બનવા પામે તે માટે આવા કોઈ જળાશયો (નદી, તળાવ, દરિયા, નહેર વગેરે)માં ન્હાવા પડવા પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું અમરેલી જીલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા નં. નાચિ/પલસ/વશી/૬૮૫/૨૦૨૬ તા. ૩૦/૦૬/૨૬થી બહાર પાડેલ છે. તે જાહેરનામાંની અમલવારી કરાવવા સુચના આપેલ હતી.

આથી રાજુલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાએ રાજુલા તાલુકામાં ભારે વરસાદના કારણે કોઈ માનવ જીંદગી ન જોખમાય તે સારૂ નદીઓ, તળાવો તથા ડેમ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ રાખવા સારૂ સુચના આપેલ હોય. જે અન્વયે રાજુલા પોલીસ ઈન્સ્પે. વી.એમ. કોલાદરાની રાહબરી નીચે રાજુલા પોલીસ ટીમ ધાતરવડી–૧ ડેમ ઓવરફલો થયેલ હોય અને આ ધાતરવડી નદીમાં પાણીનો ભયજકનક પ્રવાહ ચાલુ હોય જેથી ધારેર ગામમાં ધાતરવડી નદી કાંઠા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

તે દરમ્યાન રાજુલા તાલુકાના ધારેર ગામે સ્મશાન પાસે ઘાતરવડી નદીમાં આવેલ ચેકડેમ નીચેના ભાગમાં ભયજનક પાણીના પ્રવાહમાં રાજુલા તાલુકાના નવી માંડરડી ગામે આવેલ રૂપાવાવ વિસ્તારમાં રહેતા વિજય બાબુભાઈ મકવાણા, વિશાલ હીંમતભાઈ સોલંકી, અજય કનુભાઈ સોલંકી નામના ત્રણ ઈસમો ન્હાતા હોય તેઓને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીના જાહેરનામા ભંગ સબબ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### ભાજપ અગ્રણીએ આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો

# બાબરાનાં સરકારી દવાખાનાની અનિયમિતતા દુર કરવા રજુઆત કરાઈ

## દવા પર સમય મુજબ લેબલ લગાવવા સહિતની વિવિધ સમસ્યા દુર કરવા માંગ



બાબરા, તા. ૯

બાબરા શહેરના સામુહિક આરોગ્ય કેન્દ્રની કામગીરી અંગે એક લેખિત રજૂઆત રાજયના આરોગ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાને શહેર ભાજપના અગ્રણી હારૂનભાઈ મેતર દ્વારા કરવામાં આવી છે. તેઓએ પત્રમાં અનેક ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆતમાં દવા વિતરણની પદ્ધતિથી લઈને રાત્રિના સમયે ડિલિવરી માટે આવતી સગર્ભા મહિલાઓ સાથે થતી વર્તણૂક અંગે સુધારાની માંગ કરવામાં આવી છે.

રજુઆતમાં જણાવાયું છે કે આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને આપવામાં આવતી દવાઓ મૌખિક રીતે સવારે, બપોરે, સાંજે અથવા રાત્રે લેવાની સૂચના આપવામાં આવે છે, પરંતુ દવાની કોથળી અથવા પેકેટ પર તે મુજબનું સ્પષ્ટ લેબલ લગાવવામાં આવતું નથી. જેના કારણે બાબરા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અનેક અભણ અથવા વૃધ્ધ દર્દીઓને દવા યોગ્ય સમયે લેવામાં મુશ્કેલી પડે છે. તેથી દવાની થેલી પર જ સ્પષ્ટ સમય દર્શાવતું લેબલ લગાવી દવા આપવાની વ્યવસ્થા અમલમાં મૂકવાની માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત રજૂઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, રાત્રિના સમયે ડિલિવરી માટે હોસ્પિટલમાં આવતી કેટલીક સગર્ભા મહિલાઓને ડોકટર અથવા સ્ટાફ દ્વારા અન્ય હોસ્પિટલમાં જવા અથવા જિલ્લા હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપવામાં આવે છે અને સ્ટાફ તથા સુવિધાનો અભાવ હોવાનું કારણ દર્શાવવામાં આવે છે. જેના કારણે દર્દીઓ અને તેમના પરિવારજનોને માનસિક તણાવ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

રજૂઆતમાં વધુમાં માંગ કરવામાં આવી છે કે, સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી તબીબી સ્ટાફની પૂરતી ભરતી કરવામાં આવે, જરૂરી તમામ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે અને હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ સાથે સૌજન્યપૂર્ણ અને માનવીય વ્યવહાર કરવામાં આવે.

સાથે જ રજૂઆતમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે, જો કોઈ ડોકટર અથવા સ્ટાફ દર્દીઓ સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરે અથવા ખાસ કરીને રાત્રિના સમયે ડિલિવરી માટે આવતી મહિલાઓને હેરાનગતિ પહોંચાડે તો આવા કર્મચારીઓ સામે યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

# રાજુલામાં ભારે વરસાદનાં અસરગ્રસ્તોની વેદના સાંભળતા ધારાસભ્ય સોલંકી



રાજુલા, તા. ૯

રાજુલા તાલુકાના ધારાસભ્ય હીરા સોલંકીએ પોતાના કાર્યાલય ખાતે વિવિધ વિસ્તારોમાંથી આવેલા નાગરિકો સાથે મુલાકાત કરી તેમની રજૂઆતો અને સ્થાનિક પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કાર્યાલયમાં મોટી સંખ્યામાં લોકો પોતાની વ્યક્તિગત તેમજ જાહેર હિતની સમસ્યાઓ લઈને પહોંચ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્યએ દરેક અરજદારની વાત ધીરજપૂર્વક સાંભળી અને સંબંધિત વિભાગો સાથે જરૂરી સંકલન કરીને પ્રશ્નોના યોગ્ય અને ઝડપી નિરાકરણ માટે પ્રયાસ કરવાની ખાતરી આપી હતી. લોકો દ્વારા રસ્તા, પીવાનું પાણી, વીજ પુરવઠો, સરકારી યોજનાઓનો લાભ, આવકના દાખલા, ખેતી સંબંધિત પ્રશ્નો તેમજ અન્ય જાહેર સુવિધાઓને લગતી રજૂઆતો કરવામાં આવી હતી.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે જનતાની સમસ્યાઓનું સમયસર નિરાકરણ લાવવું એ લોકપ્રતિનિધિ તરીકે તેમની પ્રથમ જવાબદારી છે. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ દરેક પાત્ર વ્યક્તિ સુધી પહોંચે અને વિકાસના કામોમાં કોઈ વિલંબ ન થાય તે માટે સતત પ્રયાસ કરવામાં આવશે.

મુલાકાત દરમિયાન કાર્યકરો અને આગેવાનો પણ હાજર રહ્યા હતા. લોકો સાથે સીધો સંવાદ સાધી તેમની સમસ્યાઓ સાંભળવાની આ પહેલને સ્થાનિક નાગરિકોએ આવકારી હતી અને પોતાના પ્રશ્નોના વહેલા ઉકેલની આશા વ્યક્ત કરી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### મંજૂરી વગર વૃક્ષોનું નિંકદન કાઢવા સહિત

# બગસરાનાં મેઘાણીનગરનાં સાર્વજનિક પ્લોટમાં ગેરકાયદેસર દબાણ થયાનો આક્ષેપ

## સ્થાનિકોમાં નારાજગીનો માહોલ ઉભો થયો


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૯

બગસરાના મેઘાણીનગરનાં સાર્વજનિક પ્લોટમાં હાલમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કારણે વિવાદના કેન્દ્રમાં આવ્યો છે. સ્થાનિક રહીશોની જાણકારી મુજબ, કેટલાક લોકો દ્વારા આ સાર્વજનિક જમીન પર કબ્જો જમાવીને ખાનગી ગાડીઓના પાર્કિંગ માટે શેડ બનાવવામાં આવ્યો છે. આ જગ્યા વર્ષોથી બાળકોના રમવા માટે અને બગીચા તરીકે વિસ્તારની ખુલ્લી જગ્યા તરીકે ઉપયોગમાં લેવાતી હતી, પરંતુ હવે તેના પર દબાણ થતા આ વિસ્તારના રહીશોમાં ભારે નારાજગી અને આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ગેરકાયદેસર બાંધકામ દરમિયાન અહીં ઉભેલા અનેક મહાકાય વૃક્ષોને પણ વગર પરવાનગી બેરહમીથી કાપી નાખવામાં આવ્યા છે, જેના કારણે પર્યાવરણને મોટું નુકસાન પહોંચ્યું છે. તેમજ પ્રકૃતિ પ્રેમીઓમાં નારાજગી જોવા મળી છે. રહીશોનો આરોપ છે કે વહીવટી તંત્રના મેનનો લાભ ઉઠાવીને જાહેર મિલકતને ખાનગી વપરાશ માટે પચાવી પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે માત્ર બાળકોની રમવાની જગ્યા જ છીનવાઈ નથી, પરંતુ આ વિસ્તારમાં કુદરતી પ્રકૃતિ જેનાથી લોકોને ઓકિસજન મળે છે તેવાં મહાકાય વુક્ષને પણ વગર પરમિશન કાપીને તત્કાલ ત્યાંથી હટાવી પણ દેવામાં આવ્યું છે જેના લીધે પ્રકૃતિ પ્રેમિમાં નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિક લોકોએ હવે વહીવટી તંત્ર પાસે કડક કાર્યવાહીની માંગ કરી છે. રહીશોનું કહેવું છે કે વન વિભાગે ગ્રીન કવરને નુકસાન પહોંચાડનારા અને વૃક્ષોનું નિકંદન કાઢનારા જવાબદાર વ્યકિતઓ સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. આ ઉપરાંત, નગરપાલિકાએ ત્વરિત પગલાં ભરીને આ ગેરકાયદેસર દબાણને દૂર કરવું જોઈએ અને આ સાર્વજનિક પ્લોટને બાળકોની રમતગમતની પ્રવૃત્તિઓ માટે ફરીથી ખુલ્લો કરી આપવી જોઈએ. જયારે આ બાબતે પાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયાને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે અમોને આ બાબતે કોઈ ખ્યાલ નથી તેમજ અમારી પાસે કોઈ વુક્ષ કાપવાની મંજૂરી લેવામાં આવી નથી જે કોઈ આમાં જવાદાર હશે તેના ઉપર કાર્યવાહી કરવામાં આવશે. વન વિભાગમાં આ બાબતે પૂછતાં તેમણે જણાવ્યું કે આવા લોકો જેણે આવા મહાકાય વૃક્ષને કાપી નાખ્યું છે તેના ઉપર કડક કાર્યવાહી થવી જોઈએ. જયારે સ્થાનિક લોકો દ્વારા કહેવામાં આવ્યું કે આમાં રાજકીય નેતાની સંડોવાની હોવાથી કોઈ પણ વહીવટી તંત્ર અહીંયા ફરકતું નથી. તો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા સ્થાનિક લોકો દ્વારા માંગ કરવામાં આવી છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

# લીલીયા તાલુકાના અતિવૃષ્ટિ અને જળબંબોળ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેતા ધારાસભ્ય કસવાલા



લીલીયા તાલુકામાં તાજેતરમાં થયેલ ભારે અતિવૃષ્ટિ અને તેને કારણે સર્જાયેલી જળ ભરાવની સ્થિતિને પગલે સ્થાનિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને લીલીયા–સાવરકુંડલા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા અસરગ્રસ્ત વિવિધ ગામોની રૂબરૂ સ્થળ મુલાકાત લેવામાં આવી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ પ્રવાસની ખાસ વાત એ હતી કે, ગ્રામજનોની રજૂઆતો અને મુશ્કેલીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ લાવી શકાય તેવા ઉમદા હેતુથી ધારાસભ્યએ વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને પણ પોતાની સાથે રાખ્યા હતા. ધારાસભ્ય કસવાલા અને અધિકારીઓના કાફલાએ અસરગ્રસ્ત વિસ્તારોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. ભારે વરસાદથી ખેતી, રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં થયેલા નુકસાન અંગે સ્થાનિક લોકો સાથે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ સાંભળી હતી. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓને સ્થાનિક લોકોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે વહેલી તકે યોગ્ય સરકારી સહાય અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવા માટે જરૂરી અને કડક સૂચનાઓ આપી હતી આ તકે તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી, જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, ભીખાભાઈ ધોરાજીયા, ભાસ્કરભાઈ પટેલ, ભનુભાઈ ડાભી, વિજય ગજેરા, પ્રજ્ઞેશ રામાણી, ધર્મેશ દેસાઈ, રમેશભાઈ પરમાર, જીવરાજભાઈ પરમાર, રમેશભાઈ કસારીયા, મૂળજીભાઈ લુણી, કિરીટભાઈ સોળીયા, ગોપાલભાઈ બોળીયા, હરેશભાઈ, કિશોરભાઈ, પરેશ પાડા, સુખાભાઈ જોગરાણા, દિલીપ ડાભી, પ્રવીણ ચોપડા, હસમુખ પોલરા, જયસુખ સુરાણી, કલ્પેશ મેંત્રા સહિતના કાર્યકરો અને અધિકારીઓ ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ગ્રામજનોએ સામૂહિક રીતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી

# સરંભડા ગામે થતી રેતી ખનનની પ્રવૃત્તિ સામે રોષ

ગ્રામજનોએ આક્ષેપ કર્યો કે શેત્રુંજી નદીમાંથી મોટા પ્રમાણમાં રેતી ખનન થતાં ચોમાસામાં ગામમાં પાણીનો ભરાવો થાય છે

રેતી ઉપડી જતાં નદીમાં પાણીનો સંગ્રહ થતો નથી અને પાણી ગામમાં ફરી વળે છે

ખનિજ ચોરી કરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં ન આવે તો ગાંધીનગર ખાતે આંદોલન કરવાની ચીમકી

રાજ્યમંત્રી કૌશિક વેકરિયા, જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવ્યું



અમરેલી, તા. ૯

અમરેલીના સરંભડા ગામે ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ આચરતા ખનીજ માફિયાઓ સામે સમગ્ર ગામના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરંભડા ગામના વડીલો અને ગ્રામજનો દ્વારા એકઠા થઈને ખનીજ માફિયાઓનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. આ બાબતે ગ્રામજનો દ્વારા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લા કલેકટર, ખાણ ખનીજ અધિકારી તેમજ અમરેલી એસ.પી.ને લેખિતમાં આવેદનપત્ર પાઠવીને કડક રજૂઆત કરવામાં આવી છે. ગ્રામજનોએ આવેદનપત્રમાં ચીમકી ઉચ્ચારી છે કે જો આ ખનીજ માફિયાઓ સામે વહેલી તકે કોઈ કડક અને કાયદાકીય પગલાં લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સરંભડા ગામના લોકો દ્વારા ગાંધીનગર ખાતે ઉગ્ર ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે.

### સ્પેશયલ પી.પી. તરીકે ચંદ્રેશ મહેતાને જવાબદારી

## અમરેલીમાં અતિ ચર્ચાસ્પદ એવા યુવતીનું ગળું કાપી હત્યા કરવાનાં પ્રયાસનાં કેસમાં નિમણુંક

### ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈને હોમ ડીપાર્ટમેન્ટ દ્વારા નિમણુંક

અમરેલી, તા. ૯

અમરેલીનાં ચર્ચાસ્પદ એવા યુવતીનું ગળું કાપી હત્યા કરવાના પ્રયાસના કેસમાં સ્પેશયલ પી.પી. તરીકે ચંદ્રેશ મહેતાની નિમણુંક કરવામાં આવી છે.



બનાવની હકીકત એવી છે કે, તા. ૧૬/૯/૨૦૨૫ના રોજ અમરેલી ભાવકા ભવાની મંદિરે બપોરના સમયે આરોપી નં. ૧ વિપુલભાઈ જાદવભાઈ ધૂંધળવા તથા આરોપી નં. ૨ આકાશભાઈ મહેન્દ્રભાઈ આવટેએ મિલાપી પણું કરી, યુવતીને આરોપી નં. ૨ના એ પકડી રાખી તથા આરોપી નં. ૧ના એ છરી વડે ગાળાના ભાગે જીવલેણ ઘા મરેલા હોય, તથા ડાબા હાથે કોણી પાસે તથા હાથના પોચા પાસે છરીના ઘા મારેલ હોય, અને યુવતીને લોહી-લુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલે લઈ ગયેલ હોય, અને આ કામે બનાવ બાબતની વિગતવારની ફરીયાદ આ કામનાં ફરિયાદીએ કરેલ હોય, અને તેમાં તપાસ કરનાર ડી.કે. વાઘેલા, પી.આઈ અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા, આ ગુન્હાની સઘન તપાસ કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૯(૧), ૩૫૨, ૫૪ વિગેરે મુજબની કલમોનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ, અને જે કેસ હાલ નામ. સેશન્સ કોર્ટમાં સેશન્સ કેસ નં. ૧/૨૦૨૬થી શરૂ છે.અને આ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લેતા અમરેલી જીલ્લાના ગૌવંશના સ્પેશિયલ પી.પી. ચંદ્રેશ બી. મહેતાની, ગુજરાત સરકારના હોમ ડીપાર્ટમેન્ટ દ્વારા આ કેસમાં સ્પેશિયલ પી.પી. તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

### સ્થાનિકોમાં આનંદની લાગણી ફરી વળી

## અરે વાહ : બાબરાનાં વોર્ડ નં. ૩માં સ્થાનિક વોર્ડ સદસ્યોની આગેવાનીમાં સ્વચ્છતા અભિયાન તેજ

### ભુગર્ભ ગટર, માર્ગોની સફાઈ, સ્ટ્રીટલાઈટ મરામતની કામગીરી શરૂ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૯

બાબરા નગરપાલિકાના વોર્ડ નં. ૩ના કરીયાણા રોડ વિસ્તારમાં સ્થાનિક વોર્ડ સભ્યોની આગેવાની હેઠળ વ્યાપક સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય અને નાગરિકોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે પાલિકાની અલગ-અલગ ટીમો દ્વારા સઘન કામગીરી કરવામાં આવી હતી.

વોર્ડ સભ્યો મહેશભાઈ પીપળવા, દેવશીભાઈ મારૂ, જયરાજભાઈ બસિયા અને લાલાભાઈ સરવૈયાના માર્ગદર્શન હેઠળ ભૂગર્ભ ગટરની કુંડીઓની સફાઈ, રસ્તાઓ પરથી કચરો દૂર કરવો, પાણી ભરાતા સ્થળોની સફાઈ, ઉકરડા ભરવા તેમજ અન્ય જરૂરી પ્રાથમિક કામગીરી કરવામાં આવી હતી.

આ ઉપરાંત વિસ્તારમાં બંધ પડેલી સ્ટ્રીટ લાઈટોની મરામત કરી તેને ફરી કાર્યરત બનાવવામાં આવી હતી, જેથી રાત્રિના સમયે પણ સ્થાનિકોને અવરજવરમાં સરળતા રહે. નગરપાલિકાની સફાઈ ટીમોએ વિસ્તારના વિવિધ સ્થળોએ સતત કામગીરી કરી સ્વચ્છતા અને સુવિધાઓમાં સુધારો લાવવાનો પ્રયાસ કર્યો હતો.

વોર્ડ સભ્યોએ જણાવ્યું હતું કે વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય અને લોકોને સ્વચ્છ તથા સુવિધાસભર વાતાવરણ મળી રહે તે માટે આવી કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે.

આ કામગીરીથી વિસ્તારના અનેક પ્રાથમિક પ્રશ્નોનું નિરાકરણ આવતા સ્થાનિક રહિશોમાં રાહતની લાગણી જોવા મળી હતી. લોકોએ વોર્ડ સભ્યો અને પાલિકાની ટીમની કામગીરીને આવકારી આવા જનહિતના પ્રયાસો સતત ચાલુ રાખવાની અપેક્ષા વ્યક્ત કરી હતી.





ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ

મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર

The Indian EXPRESS

શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો

પ્રકાશભાઇ ચંદારાણા

મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦







ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪










હમરાજ ગાઠીયા હાઉસ

શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા

અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી

દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફુટથી ભરપુર મીઠી ગુંદી મળશે

બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં

સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઇનિંગ હોલની નીચે, અમરેલી

સંપર્ક ભાણાભાઇ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪

### ‘તમે હુમલા કરશો તો અમે છોડી દેવાના નથી’

# ઈરાને બહેરીન-કુવૈતમાં અમેરિકન સૈન્ય ઠેકાણે મિસાઈલો વરસાવી

## અમારા શહીદોનો સંઘર્ષ વ્યર્થ નહીં જાય, હોર્મુઝ તો ઈરાનની મરજીથી જ ચાલશે તેમાં અમેરિકાની દખલ નહીં ચલાવી લેવાય : ઈરાન

તહેરાન, તા.૯

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર મોટાપાયે યુદ્ધ શરૂ થઈ ગયું છે. આ સૌની વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે કોઈ ડીલ કરવાનો ઈનકાર કરી દીધો છે ત્યારબાદથી ઈરાનના અનેક ઠેકાણે હવાઈ હુમલા કરવામાં આવ્યાની માહિતી મળી રહી છે. ત્યારે ઈરાને પણ હવે વળતો પ્રહાર કરતા અમેરિકાની શાન ઠેકાણે લાવી છે.ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાકર ગલીબાફે કહ્યું કે અમેરિકા અમારી વાત સાંભળી લે, જો તે હુમલા કરશે તો તેને જડબાતોડ જવાબનો સામનો કરવો પડશે. અમારા શહીદોનો સંઘર્ષ વ્યર્થ નહીં જાય. હોર્મુઝ તો ઈરાનની મરજીથી જ ચાલશે તેમાં અમેરિકાની દખલ નહીં ચલાવી લેવાય.અમેરિકાના હુમલાના જવાબમાં ઈરાને બહેરીનમાં અમેરિકાની ફિફ્થ ફ્લિટ પર મિસાઈલોનો વરસાદ કરી દીધો હતો. જેમાં અમેરિકાને મોટું નુકસાન થયાનો દાવો કરવામાં આવી રહ્યો છે. બહેરીનમાં અનેક જગ્યાએ વિસ્ફોટો થવાની માહિતી સામે આવી છે. ઈરાને એક વીડિયો શેર કરી હોર્મુઝમાં અમેરિકન ડ્રોન સ્ઉી-૯ને ઠાર મારવાનો પણ દાવો કર્યો છે. આની સાથે કુવૈતમાં પણ સાયરનો વાગી રહ્યા છે. ત્યાં પણ ઈરાને હુમલા કર્યાની માહિતી સામે આવી રહી છે.

### ગેરકાયદે બાંધકામો પર સુપ્રીમ કોર્ટ લાલચોળ

# કાયદો માત્ર દેખાડો કરવા છે? હવે સીધા અધિકારીઓ જ જેલમાં જશે!,

## દિલ્હીની ટીમ ગેરકાયદે બાંધકામોની તપાસ કરશે : કોર્ટે અધિકારીઓની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવાની ચેતવણી આપી છે

નવી દિલ્હી, તા.૯

દિલ્હી-NCR અને દેશના અન્ય ભાગોમાં ગેરકાયદે બાંધકામો અને સુરક્ષાના નિયમોના સરેઆમ ઉલ્લંઘન અંગે સુપ્રીમ કોર્ટે સત્તાવાળાઓ સામે લાલ આંખ કરી છે. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ શીલ નાગુની બેન્ચે આ મામલે કડક વલણ અપનાવતા કહ્યું કે, તંત્ર દ્વારા માત્ર દેખાડો કરવા માટેની કામગીરી થઈ રહી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ગેરકાયદે બાંધકામો રોકવામાં નિષ્ફળ રહેલા જવાબદાર અધિકારીઓ સામે કોઈ પગલાં લેવાતા નથી, જે ખૂબ જ ગંભીર બાબત છે.સુપ્રીમ કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી અને અન્ય સત્તાવાળાઓની ઝાટકણી કાઢતા કહ્યું કે, જ્યારે પણ કોઈ ગેરકાયદે બાંધકામ પકડાય છે, ત્યારે માત્ર બિલ્ડરો સામે જ કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ, જે વિસ્તારોમાં આવા મોટા પાયે નિયમોના ધજાગરા ઉડ્યા હોય, ત્યાંના પ્રભારી અધિકારીઓ સામે કેમ કોઈ પગલાં લેવામાં આવતા નથી? હાઈકોર્ટની રોક હોવા છતાં સ્ઝઙ્ઘના અધિકારીઓની મિલીભગતથી બેફામ બાંધકામો ચાલુ રહ્યા હોવાનું કોર્ટે નોંધ્યું હતું.સુપ્રીમ કોર્ટે અગાઉ ૨૦ મેના રોજ આપેલા આદેશમાં દિલ્હીના લાજપત નગર અને સરોજિની નગર જેવા વિસ્તારોમાં ક્ષમતા કરતાં વધુ ભાર ધરાવતી અને અસુરક્ષિત ઈમારતો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું, અમે હવે એવો આદેશ પસાર કરીશું જે ઘણા લોકોને ભીંસમાં મૂકશે. ગેરકાયદે બાંધકામો માટે અમે હવે સીધા જ અધિકારીઓની વ્યક્તિગત જવાબદારી નક્કી કરીશું અને બધું લેખિતમાં સ્પષ્ટ કરીશું.તાજેતરમાં બનેલી મોટી હોનારતોનો ઉલ્લેખ કરતા સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી કે કોર્ટની અગાઉની સૂચનાઓ છતાં તંત્રએ કોઈ અસરકારક પગલાં લીધા નથી. દિલ્હીના સાકેતમાં બિલ્ડિંગ ધરાશાયી થવાની ઘટના, માલવીયા નગરમાં લાગેલી આગ અને લખનૌના અલીગંજમાં કોચિંગ સેન્ટરમાં લાગેલી ભીષણ આગ જેવી ઘટનાઓ ન્યૂઝ રિપોર્ટ્સમાં સારી રીતે નોંધાયેલી છે. સાકેતમાં ગેરકાયદેસર રીતે વધારાના માળ બનાવવાની લાલચમાં ઈમારત તૂટી પડતાં ૬ લોકોના મોત થયા હતા, જ્યારે લખનૌના અલીગંજમાં એક ત્રણ માળની કોમર્શિયલ ઈમારતમાં લાગેલી આગમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

વાસ્તવિક સ્થિતિની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટે IIT દિલ્હીના બે વરિષ્ઠ પ્રોફેસરો અને બે ડ્રાફ્ટસમેનની એક વિશેષ ઈન્સ્પેક્શન ટીમ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. આ ટીમ સ્ઝઙ્ઘના અધિકારીઓ સાથે મળીને દિલ્હીના માલવીયા નગર, સાકેત અને લાજપત નગર તેમજ લખનૌના અલીગંજ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામોની તપાસ કરીને પોતાનો અહેવાલ સોંપશે. આ સમગ્ર પ્રક્રિયાનું સંકલન એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી કરશે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સરકારને પણ તેમના રાજ્યમાં ગેરકાયદે બાંધકામો સામે લેવાયેલા પગલાંની વિગતો રજૂ કરવા આદેશ આપ્યો છે.

### ઈથેનોલ મિશ્રણના વિરોધ મુદ્દે પુરીનો જવાબ

# સોશિયલ મીડિયા પર લોકોમાં ડર ફેલાવવાનું કાવતરું રચાયું

## E20 પેટ્રોલ વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરાયેલું, સુરક્ષિત અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત ઇંધણ છે : હરદીપ સિંહ પુરી

નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઈથેનોલ મિશ્રિત ઈંધણ (E20)ને લઈને થઈ રહેલી ટીકાઓને ફગાવી દેતા જણાવ્યું હતું કે, E20 પેટ્રોલ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરાયેલું, સુરક્ષિત અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત ઈંધણ છે. તેમણે આરોપ કર્યો હતો કે E85 ઈંધણ માટે અનુકૂળ વાહનોની શરૂઆત પછી ઈથેનોલ મિશ્રિત ઈંધણ વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવવાનું અભિયાન તેજ થઈ ગયું છે.ભારતમાં એપ્રિલ ૨૦૨૩ થી E15, એપ્રિલ ૨૦૨૪ થી E19 અને એપ્રિલ ૨૦૨૫ થી E20 ઈંધણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આટલા મોટા પાયે તેના ઉપયોગ છતાં કોઈ મોટી સમસ્યા સામે આવી નથી. દેશમાં ૨૦ કરોડથી વધુ ટુ-વ્હીલર અને ૨૦ લાખથી વધુ ફોર-વ્હીલર ઘણા વર્ષોથી સફળતાપૂર્વક ઈ૨૦ ઈંધણ પર ચાલી રહ્યા છે. આમ છતાં, અચાનક ઈથેનોલ મિશ્રણ વિરુદ્ધ અભિયાન તેજ થઈ ગયું છે.તેમણે દાવો કર્યો હતો કે ૫ જૂનના રોજ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો માટે E85 ઈંધણ લોન્ચ કરવામાં આવ્યા બાદ આ પ્રકારની ટીકાઓ વધવા લાગી છે. તેમણે આ પગલાંને ભારતની આયાતી ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવાની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું હતું.જો સમય અને ઘટનાક્રમને ધ્યાનથી જોવામાં આવે તો આ પેટર્નને નજરઅંદાજ કરવી મુશ્કેલ છે. E85 અનુકૂળ વાહનોની શરૂઆત થયાના તરત જ બાદ ઈથેનોલ મિશ્રિત ઈંધણને લઈને ડર ફેલાવવાનો પ્રયાસ શરૂ થઈ ગયો. ભારત પોતાની જરૂરિયાતનું ૮૫ ટકાથી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે અને વૈશ્વિક ક્રૂડની માંગમાં થનારા વધારાનો અંદાજે ૩૦ ટકા હિસ્સો ભારતમાંથી આવે છે. આવી સ્થિતિમાં દેશની ઉર્જા સુરક્ષા માટે વૈકલ્પિક સ્થાનિક ઈંધણનો વિસ્તાર ખૂબ જ જરૂરી છે.મંત્રીએ આગળ ઉમેર્યું કે, પેટ્રોલમાં ભેળવવામાં આવતું પ્રતિ લીટર ઈથેનોલ ક્રૂડ ઓઈલની આયાત ઘટાડે છે, ભારતની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવે છે, વાયુ પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરે છે, ખેડૂતોની આવક વધારે છે અને વિદેશી હૂંડિયામણની બચત કરે છે. કેન્દ્રીય મંત્રીએ ઈ૨૦ ને વ્યાપક રીતે પરીક્ષણ કરાયેલું, વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત, આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકાર્ય અને સંપૂર્ણ સુરક્ષિત ઈંધણ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે ઈથેનોલ બ્લેન્ડિંગ (મિશ્રણ) પ્રોગ્રામે દેશના અન્નદાતા ખેડૂતોને ઊર્જાદાતા બનાવવાનું કામ કર્યું છે, કારણ કે તેનાથી ખેડૂતોને આવકનો એક વધારાનો સ્રોત મળ્યો છે.તેમણે એ પણ જણાવ્યું કે ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામની શરૂઆત અગાઉની કોંગ્રેસ સરકારના સમયગાળા દરમિયાન થઈ હતી. આવી સ્થિતિમાં હવે તેના ઝડપી વિસ્તારનો વિરોધ રાજકીય કારણોથી પ્રેરિત હોય તેવું લાગે છે. હરદીપ સિંહ પુરીના જણાવ્યા અનુસાર, આ પ્રોગ્રામ માત્ર ભારતની આયાતી ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા જ નથી ઘટાડતો, પરંતુ દેશને ભૂ-રાજકીય તણાવ અને વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતોમાં થતી અસ્થિરતાથી થનારા જોખમો સામે પણ વધુ મજબૂત બનાવે છે.

### કર્મચારીની થશે પૂછપરછ

# રામ મંદિર દાન ચોરી મામલે SITએ SBIની ભૂમિકા સામે ઊઠાવ્યા સવાલ

## અયોધ્યા પોલીસ હવે SBIના અધિકારીઓ અને દાન ગણતરી સાથે સંકળાયેલા ખાનગી કર્મચારીઓની પૂછપરછ કરશે

અયોધ્યા, તા.૯

અયોધ્યામાં આવેલા ભવ્ય રામ મંદિરમાં ભક્તો દ્વારા ચઢાવવામાં આવતા દાનની ગણતરીને લઈને એક મોટો ખુલાસો થયો છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા કરવામાં આવેલી તપાસમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ભૂમિકા પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. SITના અહેવાલ અનુસાર, બેંકને સોંપવામાં આવેલી જવાબદારીઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું નથી, જેને કારણે હવે કાયદાકીય તપાસનો સિકંજો કસાયો છે. આ મામલે હવે અયોધ્યા પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. પોલીસ ટૂંક સમયમાં જ SBIના એવા અધિકારીઓની પૂછપરછ કરવાની તૈયારી કરી રહી છે જેઓ દાન વ્યવસ્થાપનની પ્રક્રિયા સાથે સીધા જોડાયેલા હતા. આ ઉપરાંત, બેંક દ્વારા કેશ ગણવા માટે જે બહારના (ખાનગી) કર્મચારીઓ રાખવામાં આવ્યા હતા, તેમની પણ કડક પૂછપરછ કરવામાં આવશે. આ તપાસ દરમિયાન ખાસ કરીને એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે કે આ બહારના કર્મચારીઓની નિમણૂક કયા આધારે અને કેવી રીતે કરવામાં આવી હતી.SITની તપાસમાં સામે આવ્યું છે કે રામ મંદિરમાં આવતા દાનની ગણતરી માટે જે MOU અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર(SOP) નક્કી કરવામાં આવ્યા હતા, તે મુજબ SBIની જવાબદારી માત્ર દાનની રકમ ગણીને કેશ જમા કરવા પૂરતી સીમિત નહોતી. બેંકે આખી ગણતરી પ્રક્રિયા પર ચાંપતી નજર રાખવાની હતી. આ ઉપરાંત, નોટો ગણવાના મશીનો યોગ્ય રીતે કામ કરે છે કે નહીં તે સુનિશ્ચિત કરવાની અને ગણતરીમાં લાગેલા કર્મચારીઓ પર દેખરેખ રાખવાની જવાબદારી પણ બેંકની જ હતી. સુરક્ષાના નિયમોનો ચુસ્ત અમલ કરાવવાની જવાબદારીમાંથી પણ બેંક પીછેહઠ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

અહેવાલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બેંક પોતાની આ તમામ મહત્ત્વની જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ રહી છે. SOPમાં નક્કી કરાયેલા સુરક્ષાના કડક ઉપાયો કાં તો લાગુ જ નહોતા કરાયા અથવા તો તેમાં ભારે બેદરકારી દાખવવામાં આવી હતી. નિયમોના આ ઉલ્લંઘનને કારણે દાનની દેખરેખ માટે બનાવવામાં આવેલી ’ચેક એન્ડ બેલેન્સ’ સિસ્ટમ સંપૂર્ણપણે નબળી પડી ગઈ હતી, જેના લીધે સમગ્ર પ્રક્રિયાની પારદર્શિતા અને જવાબદારી સામે મોટા સવાલો ઊભા થયા છે. તપાસ ટીમનું માનવું છે કે બેંકની આ ગંભીર બેદરકારી જ તપાસમાં સામે આવેલી ખામીઓનું મુખ્ય કારણ છે.

### આયાત ડ્યુટીની છૂટ ૩૧ માર્ચ, ૨૦૨૯ સુધી લંબાવાઈ

# ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વનો નિર્ણય

## સરકારે સ્માર્ટફોન, કમ્પ્યુટર, સ્માર્ટ ટીવી જેવા ઇલેક્ટ્રોનિક્સ આઇટમ્સના પાર્ટ્સ પરની બેઝિક કસ્ટમ ડ્યુટી સંપૂર્ણપણે માફ કરી

નવી દિલ્હી, તા.૯

કેન્દ્ર સરકારે દેશમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે એક અત્યંત મહત્ત્વનો નિર્ણય લીધો છે.સરકાર દ્વારા સ્માર્ટફોન, વાયરલેસ ચાર્જર, કમ્પ્યુટર, લેપટોપ, સ્માર્ટ ટીવી, સ્માર્ટવોચ અને ફિટનેસ બેન્ડ જેવા ઈલેક્ટ્રોનિક આઈટમ્સમાં વપરાતા પાર્ટ્સ (કોમ્પોનન્ટ્સ) પરની બેઝિક કસ્ટમ ડ્યુટી (BCD) સંપૂર્ણપણે માફ કરી દેવામાં આવી છે. આ સાથે જ સરકારે આ પાર્ટ્સ પર મળનારી આયાત ડ્યુટીની છૂટને ૩૧ માર્ચ, ૨૦૨૯ સુધી લંબાવી દીધી છે. સૌથી ખાસ વાત એ છે કે આ નવો નિયમ તાત્કાલિક અસરથી દેશભરમાં લાગુ થઈ ગયો છે.

સરકારના આ નિર્ણય અંતર્ગત ડિસ્પ્લે મોડ્યુલ, સ્માર્ટફોન વાયરલેસ ચાર્જિંગ સિસ્ટમ અને લિથિયમ-આયન બેટરી બનાવવા માટે ઉપયોગમાં લેવાતા અનેક મહત્ત્વના પાર્ટ્સ પર કસ્ટમ ડ્યુટી હટાવી દેવામાં આવી છે. આ છૂટ મળવાને કારણે દેશમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મોટી સફળતા મળશે. આનાથી આગામી સમયમાં આ ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની કિંમતોમાં ઘટાડો થઈ શકે છે, જોકે તેનો અંતિમ નિર્ણય જે-તે ઈન્ડસ્ટ્રી પર નિર્ભર રહેશે.સરકારના આ પગલાથી ઓટોમોટિવ, મેડિકલ અને ઈન્ડસ્ટ્રિયલ ઈક્વિપમેન્ટમાં વપરાતી ડિસ્પ્લે એસેમ્બલી બનાવતી કંપનીઓને સૌથી વધુ ફાયદો થશે. ડિસ્પ્લે સેલ, બેકલાઈટ યુનિટ, ફ્લેક્સિબલ પ્રિન્ટેડ સર્કિટ એસેમ્બલી (FPCAs), ફ્રેમ અને એનઆઈસઓટ્રોપિક કંડક્ટિવ ફિલ્મ (ACF) જેવા જરૂરી ઈમ્પોર્ટેડ પાર્ટ્સ પર હવેથી કોઈ કસ્ટમ ડ્યુટી નહીં લાગે. આ ઉપરાંત, સ્માર્ટફોનના વાયરલેસ ચાર્જિંગ મોડ્યુલમાં વપરાતા NFC, કંડક્ટર કોઈલ, નેનો-ક્રિસ્ટલાઈન એસેમ્બલી, ઈ-શીલ્ડ, PET લાઈનર અને ખાસ પ્રકારના મેગ્નેટ (NdFeB) પર પણ ડ્યુટી મુક્તિ લંબાવવામાં આવી છે.આ નીતિની એક મહત્ત્વની બાબત એ છે કે સરકારે માત્ર ઈલેક્ટ્રોનિક સાધનો બનાવવા માટેના કાચા માલ કે સ્પેરપાર્ટ્સ પર જ ઈમ્પોર્ટ ડ્યુટી મુક્ત કર્યું છે, પરંતુ બહારથી સીધા મંગાવવામાં આવતા તૈયાર (બનેલા) પાર્ટ્સને આ છૂટમાંથી બહાર રાખવામાં આવ્યા છે. એટલે કે મોબાઈલ ફોન, ટેલિવિઝન, સ્માર્ટવોચ, સ્માર્ટ મીટર કે ઈન્ટરેક્ટિવ ફ્લેટ-પેનલ માટે સીધી વાપરવામાં આવતી તૈયાર ડિસ્પ્લે એસેમ્બલી પર આ ડિસ્કાઉન્ટ લાગુ પડશે નહીં.સરકારનો અસલી હેતુ ભારતમાં એડવાન્સ્ડ ઈલેક્ટ્રોનિક્સ બનાવવાનો ખર્ચ ઘટાડવાનો છે, જેથી વિદેશથી આયાત થતી તૈયાર પ્રોડક્ટ્સ પરની નિર્ભરતા ઓછી કરી શકાય. નિષ્ણાતોના મતે, આ નિર્ણયથી ઈલેક્ટ્રિક વ્હીકલ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર સેક્ટરમાં નવું રોકાણ આવશે અને ભારતની સ્થાનિક સપ્લાય ચેઈન વધુ મજબૂત બનશે.

### માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

# ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું, આગામી ૭ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## ૧૫ જુલાઈ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા નથી : હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર, એ.કે. દાસ

અમદાવાદ, તા.૯

સામાન્ય રીતે, નૈઋત્યનું ચોમાસું ૮ જુલાઈ સુધીમાં સમગ્ર દેશને આવરી લે છે. જોકે, આ વર્ષે ૯ જુલાઈ તારીખ સુધીમાં પશ્ચિમ રાજસ્થાન સુધી પણ પહોંચ્યું નથી. ત્યારે આ વખતનું ચોમાસું થોડું અટકી અટકીને આગળ વધતું દેખાઈ રહ્યું છે. તે બીજી બાજુ જુલાઈના પહેલા સપ્તાહમાં ગુજરાતમાં ચોમાસાએ જોરદાર બેટિંગ કરી લીધી છે. ત્યારે આગામી ૧૫મી જુલાઈ સુધીમાં ગુજરાતમાં વરસાદ ભુક્કા બોલાવશે કે આરામ કરશે તે અંગેની હવામાન વિભાગની આગાહી જોઈએ.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, રાજ્ય પર વરસાદને અસર કરતી અનેક હવામાન પ્રણાલીઓ સક્રિય છે. ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશ પર વેલ માર્ક લો પ્રેશર એરિયા, ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનથી ઉત્તર-પૂર્વ બાંગ્લાદેશ સુધી સીઝનલ ટ્રફ સક્રિય, દક્ષિણ ગુજરાતથી મધ્ય કેરળ સુધી ઓફ-શોર ટ્રફ યથાવત, ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રથી સિક્કિમ સુધી ઉપરના સ્તરે ટ્રફ સક્રિય, અરબી સમુદ્ર તરફથી નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના ભેજયુક્ત પવનો સતત ફૂંકાઈ રહ્યા છે. આ તમામ પરિબળોના સંયુક્ત પ્રભાવને કારણે ગુજરાતમાં વરસાદી ગતિવિધિ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર, એ.કે. દાસના જણાવ્યા પ્રમાણે, ૧૫ જુલાઈ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા નથી. સૌરાષ્ટ્ર સહિત આખા ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં સામાન્યથી હળવો વરસાદ થવાની આગાહી આપવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યું છે કે, અમદાવાદમાં વાદળછાયા વાતાવરણની સાથે ક્યાંક છૂટાછવાયા સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. માછીમાર ભાઈઓ માટે ૧૧ અને ૧૨ જુલાઈના રોજ ચેતવણી આપવામાં આવી છે.ગુજરાતમાં વરસાદ અંગેની વાત કરતા તેમણે જણાવ્યું છે કે, અત્યાર સુધી ગુજરાતમાં સામાન્ય કરતા ૯ ટકા વરસાદની ઘટ છે. નોંધનીય છે કે, ગુજરાતમાં ૧૧ તારીખ સુધી સાર્વત્રિક વરસાદની શક્યતા છે. જોકે, તે બાદ ૧૫ જુલાઈ સુધીમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી આપવામાં આવી છે.૧૦મી તારીખે છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. શુક્રવારે ક્યાંય ભારે વરસાદની શક્યતા નથી.૧૨મી તારીખથી વરસાદની તીવ્રતા ઓછી થતી દેખાય છે. અડધા ઉપર ગુજરાતના જિલ્લાઓમાં વરસાદની કોઈ આગાહી નથી. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ૧૩મીથી ૧૫ તારીખ સુધી ગુજરાતના કેટલાક વિસ્તારોમાં જ વરસાદની શક્યતા નથી.

૧૪મી તારીખે લીલા રંગ જે જે જિલ્લાઓમાં દર્શાવ્યા છે ત્યાં ત્યાં છૂટાછવાયા સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ૧૫મી તારીખે લીલા રંગ જે જે જિલ્લાઓમાં દર્શાવ્યા છે ત્યાં ત્યાં છૂટાછવાયા સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# અંકલેશ્વરમાં રખડતા ઢોરનો આતંક યથાવત જોવાયો

ભરૂચ,તા.૯

ભરૂચ જિલ્લામાં રખડતા પશુઓનો ત્રાસ અને આતંક દિન-પ્રતિદિન એટલો વધી ગયો છે કે હવે નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. તાજેતરમાં જ ભરૂચમાં રખડતા ઢોરના કારણે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં એક આશાસ્પદ યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું. આટલી મોટી અને હૃદયદ્રાવક ઘટના બન્યા બાદ પણ સ્થાનિક નગરપાલિકા અને વહીવટી તંત્ર હજુ સુધી ઘોર નિંદ્રામાંથી જાગ્યું નથી, જેને પગલે સમગ્ર જિલ્લાના રહીશોમાં તંત્રની નબળી કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.તંત્રની આ ઘોર લાપરવાહી વચ્ચે ભરૂચના અંકલેશ્વર શહેરમાંથી વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં શહેરના એક મુખ્ય માર્ગ પર બે મનમસ્ત આખલાઓ અચાનક સામસામે બાખડી પડ્યા હતા. આ ભરચક અને સતત વાહનોથી ધમધમતા વિસ્તારમાં બંને આખલાઓ બેફામ બનીને રસ્તાની વચ્ચે જ લડવા લાગ્યા હતા. ધોળા દિવસે જાહેર માર્ગ પર ખેલાયેલા આ ભયાનક આખલા યુદ્ધને કારણે ત્યાંથી પસાર થતા સેંકડો રાહદારીઓ અને વાહનચાલકોના જીવ અધ્ધર થઈ ગયા હતા અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

આ હિંસક લડાઈ દરમિયાન બેકાબૂ બનેલા પશુઓએ રસ્તા પરથી પસાર થઈ રહેલી એક ઈકો કારને પણ જોરદાર અડફેટે લીધી હતી, જેના કારણે ગાડીને વ્યાપક પ્રમાણમાં આર્થિક નુકસાન પહોંચ્યું છે. સદનસીબે આ ઘટનામાં કાર સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો, નહીં તો વધુ એક મોટી જાનહાનિ સર્જાઈ શકી હોત. સ્થાનિક વેપારીઓ અને નાગરિકો હવે સોશિયલ મીડિયા પર આ ઘટનાના વીડિયો વાયરલ કરીને બેજવાબદાર તંત્ર સામે કડક ફોજદારી પગલાં ભરવાની અને રખડતા પશુઓના ડબ્બા ગુલ કરવાની ઉગ્ર માંગ કરી રહ્યા છે.

# શારીરિક શોષણ મામલે ટ્રમ્પને અમેરિકન કોર્ટે આપ્યો મોટો ઝટકો

## વર્ષ ૨૦૨૩માં ન્યૂયોર્કની ફેડરલ જ્યુરીએ ટ્રમ્પને જાતીય શોષણ અને લેખિકાને બદનામ કરવાના મામલે દોષિત જાહેર કર્યા હતા

વોશિંગ્ટન, તા.૯

અમેરિકાની એક કોર્ટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જાતીય શોષણના એક જૂના કેસમાં મોટો ઝટકો આપ્યો છે. અદાલતે ટ્રમ્પને લેખિકા ઈ. જીન કેરોલની જાતીય સતામણી કરવા અને ખોટા નિવેદનો આપીને તેમને બદનામ કરવાના દોષિત ઠેરવ્યા છે, જેના બદલામાં ટ્રમ્પને પીડિત લેખિકાને ૫૦ લાખ ડૉલર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે.૮૨ વર્ષના ઈ. જીન કેરોલ અમેરિકાના પૂર્વ પત્રકાર અને કૉલમિસ્ટ છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે વર્ષ ૧૯૯૬માં ન્યૂયૉર્કના એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના ડ્રેસિંગ રૂમમાં ડોનાલ્ડ ટ્રમ્પે તેમની સાથે જાતીય સતામણી કરી હતી. જ્યારે વર્ષ ૨૦૧૯માં એક પુસ્તકમાં આ આરોપો સામે આવ્યા હતા, ત્યારે ટ્રમ્પે આ આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે લેખિકાને ‘પાગલ’ કહીને આખો મામલો મનઘડંત હોવાનો દાવો કર્યો હતો. લેખિકાના આ જ આરોપો ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન ભારે ચર્ચામાં રહ્યા હતા.વર્ષ ૨૦૨૩માં ન્યૂયૉર્કની ફેડરલ જ્યુરીએ ટ્રમ્પને જાતીય શોષણ અને લેખિકાને બદનામ કરવાના મામલે દોષિત જાહેર કર્યા હતા. જ્યુરીએ કેરોલને વળતર પેટે ૫૦ લાખ ડૉલર આપવાનો ચુકાદો સંભળાવ્યો હતો. આ મૂળ ચુકાદા સામે ટ્રમ્પે અમેરિકન સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે આ અપીલ પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો, જેના કારણે ૨૦૨૩નો આ ચુકાદો આખરી બની ગયો છે.સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ફેડરલ જજ લુઈસ કપલાને આ અંગેનો અંતિમ આદેશ જાહેર કર્યો છે. આ આદેશ અનુસાર, ટ્રમ્પે અદાલતમાં નક્કી કરેલી ૫૦ લાખ ડૉલરની રકમ જમા કરાવવી પડશે. આ રકમમાં હવે વ્યાજ પણ ઉમેરવામાં આવ્યું છે, જેનો અર્થ એ થાય છે કે લેખિકા ઈ. જીન કેરોલને હવે કુલ મળીને અંદાજે ૫૮ લાખ ડૉલર મળશે.

### અમદાવાદમાં ટેક્નોલોજીનો નવો યુગ

# અમદાવાદને નવી હાઇટેક RTO કચેરીની ભેટ મળી

## AI અને સેન્સર આધારિત સિસ્ટમથી થશે ડ્રાઇવિંગ ટેસ્ટ, માનવ હસ્તક્ષેપ વિના પારદર્શક પ્રક્રિયા

અમદાવાદ,તા.૯

અમદાવાદ શહેરને આધુનિક સુવિધાઓથી સજ્જ નવી હાઈટેક RTO કચેરીની ભેટ મળી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ. ૬૨ કરોડના ખર્ચે નિર્મિત નવી કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નાગરિકોને ઝડપી અને સરળ સેવા મળી રહે તે માટે અહીં અનેક આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

નવી RTO કચેરીમાં સિંગલ વિન્ડો સિસ્ટમ, એસી વેઈટિંગ હોલ સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. જેના કારણે અરજદારોને અલગ-અલગ કાઉન્ટર પર જવાની જરૂર નહીં પડે અને કામગીરી વધુ સરળ બનશે.આ હાઈટેક કચેરીની સૌથી મોટી વિશેષતા ડ્રાઈવિંગ લાયસન્સ ટેસ્ટ પ્રક્રિયામાં કરવામાં આવેલો મોટો બદલાવ છે. હવે લાયસન્સ માટેનો ડ્રાઈવિંગ ટેસ્ટ સંપૂર્ણપણે ટેક્નોલોજી આધારિત રહેશે. છૈં અને સેન્સર આધારિત સિસ્ટમ દ્વારા ઉમેદવારના ડ્રાઈવિંગ કૌશલ્યનું મૂલ્યાંકન કરવામાં આવશે.નવી ઓટોમેટિક સિસ્ટમમાં સીટ બેલ્ટનો ઉપયોગ, ટ્રાફિક નિયમોનું પાલન, વાહન નિયંત્રણ અને નિર્ધારિત ટ્રેક પર યોગ્ય રીતે ડ્રાઈવિંગ જેવા મુદ્દાઓનું નિરીક્ષણ કરવામાં આવશે. ૧૫૦ સેકન્ડના આ ટેસ્ટ દરમિયાન થતી દરેક ભૂલ સિસ્ટમ દ્વારા આપમેળે નોંધવામાં આવશે.આ નવી વ્યવસ્થાથી ડ્રાઈવિંગ ટેસ્ટમાં પારદર્શિતા વધશે અને માનવ હસ્તક્ષેપ ઘટશે. સાથે જ લાયસન્સ પ્રક્રિયા વધુ ઝડપી, સરળ અને વિશ્વસનીય બનશે. તંત્રનો દાવો છે કે હાઈટેક RTO વ્યવસ્થા નાગરિકોને વધુ સારી અને આધુનિક સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

### કંટ્રોલ ટાવર અને સૈન્ય ઠેકાણા ધ્વસ્ત

# ભારતે રોકાણ કર્યું છે તે ચાબહાર પોર્ટ પર અમેરિકાનો મોટો હુમલો!

## આ હુમલામાં ઈરાનના દરિયાઈ માળખા અને સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવાયા છે, જેના કારણે બ્લાસ્ટ અને વીજળી ગુલ થઈ

ચાબહાર, તા.૯

અમેરિકાએ ઈરાનના દક્ષિણ-પૂર્વીય બંદર શહેર ચાબહાર પર પહેલીવાર મોટો સૈન્ય હુમલો કર્યો છે. આ વર્ષે એપ્રિલ મહિનામાં થયેલા સીઝફાયર બાદ આ વિસ્તારમાં અમેરિકાની આ પ્રથમ મોટી સૈન્ય કાર્યવાહી છે. આ હુમલાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે અમેરિકા હવે હોર્મુઝથી આગળ વધીને ઈરાનના હિંદ મહાસાગર સાથે જોડાયેલા દરિયાકાંઠાના વિસ્તારોને પણ નિશાન બનાવી રહ્યું છે. હુમલા દરમિયાન ચાબહાર શહેરમાં એક પછી એક અનેક બ્લાસ્ટના અવાજો સંભળાયા હતા, જેના કારણે શહેરના ઘણા વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો હતો અને વીજળી ગુલ થઈ ગઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, સતત થયેલા ધડાકા બાદ રાહત અને બચાવ કામગીરીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતીઅને નુકસાનની સમીક્ષા શરૂ કરી હતી.

અમેરિકન સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ઈરાનના માત્ર એ દરિયાઈ માળખા અને સૈન્ય ઠેકાણાઓને જ નિશાન બનાવાયા છે, જેનો ઉપયોગ વેપારી જહાજોને ધમકાવવા માટે થતો હતો. અહેવાલો મુજબ, આ હુમલામાં પોર્ટની જેટી, મરીન ટ્રાફિક કંટ્રોલ ટાવર અને આસપાસના સૈન્ય મથકોને નુકસાન થયું છે, જ્યારે સામાન્ય નાગરિકોના વિસ્તારો અને ઓઈલ જેવા મહત્ત્વના માળખાને જાણીજોઈને નુકસાનથી બચાવી લેવાયા છે. ચાબહાર બંદરની ભૌગોલિક સ્થિતિ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે હોર્મુઝની બહાર ઓમાનની ખાડીમાં આવેલું છે. આ ઈરાનનું એકમાત્ર એવું ઊંડા પાણીનું દરિયાઈ બંદર છે જે તેને સીધું હિંદ મહાસાગર સાથે જોડે છે અને ઈરાન માટે તે આર્થિક રીતે કરોડરજ્જુ સમાન છે. ભારત માટે પણ આ પોર્ટ અત્યંત મહત્ત્વનું છે, કારણ કે ભારતે દક્ષિણ એશિયાને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે જોડતા વેપારી માર્ગ માટે અહીં મોટું રોકાણ કર્યું છે, જેથી પાકિસ્તાન પર નિર્ભર રહેવું ન પડે.

અત્યાર સુધી અમેરિકાના મોટાભાગના હુમલા બંદર અબ્બાસ અને હોર્મુઝની આસપાસના સૈન્ય ઠેકાણાઓ સુધી જ મર્યાદિત હતા, પરંતુ ચાબહાર પરનો આ હુમલો દર્શાવે છે કે અમેરિકા હવે ઈરાનના છેક પૂર્વીય દરિયાકાંઠા સુધી એક્શન લેવા તૈયાર છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલાથી જ સીઝફાયરનો અંત આવી ગયો હોવાનું જાહેર કર્યું હતું અને ઈરાન પર વેપારી જહાજો પર હુમલા કરવાનો આરોપ લગાવ્યો હતો. અમેરિકાનું કહેવું છે કે આ હુમલાનો હેતુ દરિયાઈ માર્ગો સુરક્ષિત કરવાનો છે, જ્યારે બીજી તરફ ઈરાને આ હુમલાને સીઝફાયરનું ઉલ્લંઘન ગણાવીને કડક ચેતવણી આપી છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે તણાવ વધી ગયો છે.

### ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં વડાપ્રધાન મોદીનું સંબોધન

# ‘ભારત ગ્રો મોર એચિવ મોરમાં માને છે, ઝડપથી વિકસતુ અર્થતંત્ર બન્યું છે’

### PM અલ્બેનીઝ સાથે બેઠકમાં સંરક્ષણ, વેપાર અને ઊર્જા સહયોગ મજબૂત કરવા પર ભાર મુકાયો : "મેલબોર્ન મીટ્સ મોદી" કાર્યક્રમમાં ભારતીય સમુદાયના સભ્યો ઉમટ્યા

મેલબોર્ન, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના ત્રણ દેશોના પ્રવાસના બીજા તબક્કા હેઠળ બુધવારે ઓસ્ટ્રેલિયા પહોંચ્યા હતા. ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન તેમણે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સંરક્ષણ, ઊર્જા, વેપાર અને રોકાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવાનો છે.

મેલબોર્નમાં યોજાયેલા “Melbourne Meets Modi” કાર્યક્રમમાં હજારો ભારતીય સમુદાયના સભ્યો ઉમટી પડ્યા હતા. અંદાજે ૩૦,૦૦૦ ભારતીયોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ પ્રસંગે વડાપ્રધાન મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય સમુદાયને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે તેઓ અગાઉ બે વખત સિડનીની મુલાકાત લઈ ચૂક્યા છે, પરંતુ મેલબોર્ન આવવાની તેમની લાંબા સમયથી ઈચ્છા હતી. તેમણે કહ્યું કે છેલ્લા ૧૨ વર્ષમાં આ તેમની ઓસ્ટ્રેલિયાની ત્રીજી મુલાકાત છે અને આ ‘‘હેટ્રિક’’ ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધોની વધતી મજબૂતાઈનું પ્રતિક છે.

તેમણે યાદ અપાવ્યું કે વર્ષ ૨૦૧૪ પહેલાં કોઈ ભારતીય વડાપ્રધાન લગભગ ૨૮ વર્ષ સુધી ઓસ્ટ્રેલિયાની મુલાકાતે આવ્યા નહોતા. તે સમયે તેમણે વચન આપ્યું હતું કે હવે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનો આટલો લાંબો અંતર ફરી નહીં રહે, અને આજે તે વચન પૂર્ણ થઈ રહ્યું છે.

પીએમ મોદીએ જણાવ્યું કે મેલબોર્ન એક એવું શહેર છે જ્યાં એક જ દિવસમાં ચાર ઋતુઓનો અનુભવ થાય છે. પરંતુ અહીં વસતા ભારતીયોએ પોતાની સંસ્કૃતિ, પરંપરા અને જીવનશૈલીથી શહેરને વધુ રંગીન અને જીવંત બનાવી દીધું છે. શહેરના અનેક વિસ્તારોમાં ભારતીય સંસ્કૃતિની સ્પષ્ટ ઝલક જોવા મળે છે.

તેમણે કહ્યું કે ઘણા ભારતીય પરિવારો વર્ષોથી ઓસ્ટ્રેલિયામાં વસવાટ કરી રહ્યા છે અને હવે નવી પેઢી પણ અહીં આગળ વધી રહી છે. તેમ છતાં તેમની અંદર રહેલી ભારતીયતા આજે પણ એટલી જ જીવંત છે. અનેક પરિવારોનું જીવન જાણે બે અલગ-અલગ સમય ઝોન વચ્ચે ચાલતું હોય તેમ લાગે છે.પીએમ મોદીએ ભારતીય સમુદાયની જીવનશૈલીનું રસપ્રદ વર્ણન કરતાં કહ્યું કે અહીંની દાળ અને શાકભાજી ભલે ઓસ્ટ્રેલિયાની હોય, પરંતુ તેનો સ્વાદ ભારતીય મસાલા અને તડકાથી જ આવે છે. સપ્તાહના અંતે મંદિરો, ગુરુદ્વારા અને ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભારતીયો જોડાય છે. ભગવાન સત્યનારાયણની કથા હોય કે ગુરુદ્વારામાં અરદાસ, ભારતીય સંસ્કૃતિ અહીં આજે પણ એટલી જ જીવંત છે.

તેમણે વધુમાં જણાવ્યું કે મેલબોર્નમાં ભારતીય ફિલ્મ મહોત્સવ પણ યોજાવાનો છે, જે બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવશે. તેમણે કહ્યું કે ૨૧મી સદીનું ભારત સતત વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે. એક સ્વપ્ન પૂર્ણ થાય છે તો તરત જ નવું સ્વપ્ન જન્મે છે અને દેશ નવી સિદ્ધિઓ તરફ આગળ વધે છે.વડાપ્રધાન મોદીના સંબોધન પહેલાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે કહ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મિત્રતાનો એક નવો યુગ શરૂ થઈ રહ્યો છે. તેમણે મોદીને ઓસ્ટ્રેલિયાના સારા મિત્ર ગણાવ્યા અને જણાવ્યું કે અમદાવાદમાં તેમને મળેલા આત્મીય સ્વાગતને તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં. તેમણે ભારતની વૈશ્વિક સ્તરે કટોકટીના સમયમાં મદદરૂપ બનવાની ભૂમિકાની પણ પ્રશંસા કરી.આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ વેપાર અને રોકાણ વધારવા અંગે પણ ચર્ચા કરી. વડાપ્રધાન મોદીએ ભારત-ઓસ્ટ્રેલિયા વ્યાપક આર્થિક સહકાર કરાર (CECA)ને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને કહ્યું કે આ કરાર બંને દેશોના આર્થિક સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડશે. મેલબોર્નમાં યોજાયેલા ઓસ્ટ્રેલિયા-ભારત CEO ફોરમ અને આર્થિક રોડમેપ બિઝનેસ કાર્યક્રમમાં બંને દેશોના અગ્રણી ઉદ્યોગપતિઓ, રોકાણકારો, સુપરએન્યુએશન ફંડના પ્રતિનિધિઓ અને ઓસ્ટ્રેલિયાની અગ્રણી યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન AustralianSuper ના CEO પોલ શ્રોડરે ભારતમાં ૫૦૦ મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલરના રોકાણની જાહેરાત કરી હતી, જેને વડાપ્રધાન મોદીએ આવકારી હતી.

વડાપ્રધાન મોદીની આ મુલાકાત ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના વ્યૂહાત્મક, આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. બંને દેશો હવે વેપાર, રોકાણ, શિક્ષણ, ટેક્નોલોજી અને સુરક્ષા સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગને વધુ વિસ્તૃત કરવા માટે પ્રતિબદ્ધ હોવાનું સ્પષ્ટ સંદેશ આપ્યો છે. પીએમ મોદીએ આર્થિક સંબંધોની પ્રગતિ અંગે વાત કરતા કહ્યું કે, વર્ષ ૨૦૨૨માં થયેલા ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ ના કારણે ભારતથી ઓસ્ટ્રેલિયામાં થતી નિકાસ બમણી થઈ ગઈ છે. છેલ્લા ૪ વર્ષોમાં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ઝડપથી વધીને બમણો થયો છે. વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં જે વેપાર ૪ અબજ અમેરિકી ડોલર હતો, તે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૮.૫ અબજ અમેરિકી ડોલર પર પહોંચી ગયો છે. ઓસ્ટ્રેલિયાએ ભારતીય ઉત્પાદનો પરની આયાત ડ્યુટી (ટેક્સ) ખૂબ જ ઘટાડી દીધી છે, જ્યારે ભારતે પણ ઓસ્ટ્રેલિયન ઉત્પાદનો પર ધીમે-ધીમે ટેક્સ ઘટાડવાની ખાતરી આપી છે.

સમિટમાં ભારતના ભવિષ્યના રોડમેપ અંગે ચર્ચા કરતા પીએમ મોદીએ કહ્યું, "અમે ભારતમાં હાઈડ્રો પ્રોજેક્ટ્સ, ગ્રીન હાઈડ્રોજન, સોલાર મોડ્યુલ અને વિન્ડ ટર્બાઈન માટે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવી રહ્યા છીએ. ભારતે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવાટ રિન્યુએબલ એનર્જી અને વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો એમિશન પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતે ૧૦૦ ગીગાવાટ ન્યુક્લિયર એનર્જી ક્ષમતા મેળવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જેમાં ઓસ્ટ્રેલિયાનો યુરેનિયમનો વિશાળ ભંડાર ભારત માટે ખૂબ મહત્વનો સાબિત થઈ શકે છે." તેમણે ઓસ્ટ્રેલિયન રોકાણકારોને ભારતના પોર્ટ્સ, એરપોર્ટ, હાઈવે અને રેલવે જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં લાંબા ગાળાના રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું.શિક્ષણ ક્ષેત્રે મોટી ભાગીદારી અંતર્ગત ઓસ્ટ્રેલિયાની વોલોન્ગોંગ યુનિવર્સિટી અને ડીકિન યુનિવર્સિટી ગુજરાતમાં પોતાના કેમ્પસ ખોલશે. પીએમ મોદીએ આ બાબતને ભારત-ઓસ્ટ્રેલિયાના સંબંધોનો નવો અધ્યાય ગણાવતા કહ્યું કે હવે આપણો લક્ષ્યાંક સ્ટુડન્ટ મોબિલિટીને ’ટેલેન્ટ પાર્ટનરશીપ’ માં બદલવાનો હોવો જોઈએ. આ પૂર્વે મેલબોર્ન એરપોર્ટ પર પીએમ મોદીનું ભારતીય સમુદાય દ્વારા પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યાં પ્રખ્યાત તબલા વાદક ડો. સેમ ઈવાન્સ અને ડિડગેરીડુ વાદકે ખાસ પ્રસ્તુતિ આપી હતી, જ્યારે ઓસ્ટ્રેલિયાના સિમ્ફની ઓર્કેસ્ટ્રાએ રાષ્ટ્રગીત ’વંદે માતરમ’ ની ધૂન વગાડી હતી. પીએમ મોદી અહીં બે દિવસ રોકાશે અને ૧૧ જુલાઈએ ન્યુઝીલેન્ડ જવા રવાના થશે.

### ડાયવર્ઝન રૂટ પર ’નો પાર્કિંગ ઝોન’ જાહેર, કટોકટીના વાહનોને વિશેષ છૂટ

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈ અમદાવાદમાં ટ્રાફિક ડાયવર્ઝન

### RTOસર્કલથી ચાંદખેડા જતો માર્ગ ૧૦ જુલાઈથી ૩૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધી બંધ, વાહનચાલકો માટે વૈકલ્પિક રૂટ જાહેર

અમદાવાદ,તા.૯

અમદાવાદમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત પિલર નિર્માણની કામગીરીને વેગ આપવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ ૧૦ જુલાઈ, ૨૦૨૬થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી RTO સર્કલથી ચાંદખેડા તરફ જતો મુખ્ય માર્ગ વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રાફિકને સરળતાથી સંચાલિત કરવા માટે વૈકલ્પિક રૂટની વ્યવસ્થા કરવામાં આવી છે.

ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, પ્રતિબંધિત માર્ગ પરથી માત્ર સ્થાનિક રહેવાસીઓને તેમના ટુ-વ્હીલર સાથે અવરજવર કરવાની મંજૂરી આપવામાં આવશે. જ્યારે અન્ય તમામ વાહનચાલકોએ ચિમનભાઈ બ્રિજ સહિતના વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે. આ વ્યવસ્થા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીમાં કોઈ વિક્ષેપ ન આવે અને વાહનચાલકોની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી અમલમાં મૂકવામાં આવી છે.ડાયવર્ઝનને કારણે વૈકલ્પિક માર્ગો પર ટ્રાફિકની સમસ્યા ઊભી ન થાય તે માટે સમગ્ર રૂટને ’નો પાર્કિંગ ઝોન’ જાહેર કરવામાં આવ્યો છે. આ દરમિયાન કોઈપણ વાહનને રસ્તા પર પાર્ક કરવાની મંજૂરી નહીં હોય અને નિયમનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે. જોકે, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને સરકારી ફરજ પરના વાહનોને પ્રતિબંધિત માર્ગ પરથી પસાર થવાની વિશેષ છૂટ આપવામાં આવી છે. ટ્રાફિક પોલીસે નાગરિકોને જાહેરનામાનું પાલન કરી વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરી છે.

### કેસમાં અરજદાર વકીલ સામે માત્ર બેદરકારીનો આક્ષેપ

# બેદરકારીના આક્ષેપસર બેંકો વકીલને બ્લેકલિસ્ટમાં મૂકી શકે નહીં: સુપ્રીમ

### બેંકો તથા ઇન્ડિયન બેંક એસોસિયેશનને અરજદાર વકીલનું નામ કોશન લિસ્ટમાંથી તાત્કાલિક દૂર કરવા આદેશ કરાયો

નવી દિલ્હી, તા.૯

એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે મંગળવારે સ્પષ્ટ કર્યું કે બેંકો અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) માત્ર વ્યાવસાયિક બેદરકારીના આરોપોના આધારે વકીલોને ‘કોશન લિસ્ટ’ (સાવચેતી યાદી)માં સામેલ કરી શકતા નથી. કાનૂની વ્યવસાયની સ્વતંત્રતાને વધુ મજબૂત બનાવતા જસ્ટિસ પી. એસ. નરસિંહા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે જણાવ્યું કે, વકીલોને બ્લેકલિસ્ટ કરવાનું પગલું બાર કાઉન્સિલોને કાયદા દ્વારા અપાયેલી શિસ્ત સંબંધિત સત્તામાં ગેરવાજબી દખલ કરવા સમાન છે.જસ્ટિસ પી. એસ. નરસિંહાએ 41 પાનાંના ચુકાદામાં જણાવ્યું કે, અમે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને વકીલો તેમજ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનાના નિષ્ણાતોની એક ટીમ રચવાનો નિર્દેશ આપીએ છીએ. આ ટીમ વકીલો માટે નેશનલ લીગલ એકેડમી સ્થાપવાના વિચાર પર ચર્ચા કરશે અને તેની રૂપરેખા તૈયાર કરશે. અમને આશા અને વિશ્વાસ છે કે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા આ મુદ્દાઓ પર ગંભીરતાથી વિચાર કરશે અને તેના નિર્ણયથી કોર્ટને માહિતગાર કરશે. ચુકાદામાં બંધારણની કલમ 226 હેઠળ ન્યાયિક સમીક્ષાના અધિકારનો વ્યાપ પણ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. કોર્ટે જણાવ્યું કે IBA સામે રિટ અરજી દાખલ કરી શકાય છે.સુપ્રીમ કોર્ટે આ સાથે અલ્હાબાદ હાઈકોર્ટનો તે અભિપ્રાય ફગાવી દીધો કે IBA બંધારણની કલમ 12 હેઠળ ‘રાજ્ય’ નથી, તેથી તેની સામે રિટ અરજી થઈ શકે નહીં. કોર્ટે ઠરાવ્યું કે, હાલના કેસમાં અરજદાર વકીલ સામે માત્ર બેદરકારીનો આક્ષેપ છે. આવી સ્થિતિમાં તેમનું નામ કોશન લિસ્ટમાં સામેલ કરવું કાયદેસર નથી. તેથી અમે બેંક અને IBAને અરજદારનું નામ કોશન લિસ્ટમાંથી તાત્કાલિક અસરથી દૂર કરવાનો નિર્દેશ આપીએ છીએ. બેન્ચે વધુમાં કહ્યું કે, વકીલ સામે વ્યાવસાયિક બેદરકારી અથવા ગેરવર્તણૂકના આરોપો સાચા હોય તો પણ તેની કાર્યવાહી કરવાનો વિશિષ્ટ અધિકાર માત્ર એડવોકેટ્સ એક્ટ હેઠળ રચાયેલી શિસ્ત સમિતિઓ અને બાર કાઉન્સિલો પાસે જ છે.

### ૨ ટકા કમિશન માટે ખાતું આપ્યું હોવાનો ખુલાસા

# સુરતમાં ક્રિપ્ટો ફ્રોડનો મોટો ખુલાસો, એન્જિનિયરની ધરપકડ

### તપાસ દરમિયાન આરોપીના બેંક ખાતાનો ઉપયોગ સાયબર ઠગો દ્વારા નાણાંની હેરફેર માટે કરવામાં આવ્યો હોવાનું ખુલ્યું છે

સુરત,તા.૯

સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે ક્રિપ્ટોકરન્સીમાં રોકાણના નામે થયેલી લાખો રૂપિયાની છેતરપિંડીના કેસમાં મોટી કાર્યવાહી કરી છે. પોલીસે એક આઈટી પ્રોફેશનલની ધરપકડ કરી છે, જેના બેંક ખાતામાં દેશભરના અનેક સાયબર ફ્રોડના કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શન સામે આવ્યા છે. તપાસ દરમિયાન આરોપીના બેંક ખાતાનો ઉપયોગ સાયબર ઠગો દ્વારા નાણાંની હેરફેર માટે કરવામાં આવ્યો હોવાનું ખુલ્યું છે.મળતી માહિતી મુજબ, સુરતના એક યુવકને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરાવી ટૂંકા સમયમાં મોટો નફો અપાવવાની લાલચ આપવામાં આવી હતી. આરોપીઓએ ટેલિગ્રામ મારફતે યુવકનો સંપર્ક કર્યો હતો અને તેને બનાવટી ક્રિપ્ટો ટ્રેડિંગ વેબસાઈટની લિંક મોકલી હતી. વેબસાઈટ પર એકાઉન્ટ ખોલાવી રોકાણ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યો હતો.શરૂઆતમાં આરોપીઓએ વિશ્વાસ જીતવા માટે વિવિધ પ્રકારનું માર્ગદર્શન આપ્યું હતું. તેમની વાતોમાં આવીને યુવકે અલગ અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ.૭૨.૭૩ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જોકે, રોકાણ કર્યા બાદ યુવકને કોઈ નફો મળ્યો નહોતો અને તેની મૂળ મૂડી પણ પરત મળી નહોતી. ત્યારબાદ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા યુવકે રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે તપાસ શરૂ કરી હતી. ટેક્નિકલ તપાસ, બેંક ટ્રાન્ઝેક્શન અને ડિજિટલ પુરાવાના આધારે પોલીસે દિવ્યેશ સૂર્યકાંતભાઈ બાબુભાઈ પટેલ (ઉંમર ૨૯ વર્ષ) નામના આરોપીની ધરપકડ કરી હતી. આરોપી સુરતના ન્યૂ અલથાણ વિસ્તારમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે અને તે એક સોફ્ટવેર કંપનીમાં નોકરી કરતો હતો.પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે ફરિયાદીએ ટ્રાન્સફર કરેલા નાણાંમાંથી રૂ.૧૭ લાખ આરોપીના બેંક ખાતામાં જમા થયા હતા. આરોપીએ પોતાના બેંક ખાતાની વિગતો અને બેંકિંગ સુવિધાઓ સાયબર ઠગોને ૨ ટકા કમિશનના બદલામાં ઉપલબ્ધ કરાવી હતી. આ ખાતાનો ઉપયોગ ગેરકાયદે નાણાંની લેવડદેવડ માટે કરવામાં આવતો હતો.વધુ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીના બેંક ખાતામાં કુલ રૂ.૧.૬૦ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયા હતા. સમન્વય પોર્ટલ પર તપાસ કરતા આ જ ખાતું દેશના વિવિધ રાજ્યોમાં નોંધાયેલા ૮ અલગ અલગ સાયબર ફ્રોડ કેસ સાથે જોડાયેલું હોવાનું સામે આવ્યું છે. આ તમામ કેસોમાં મળીને આશરે રૂ.૨૪.૭૨ કરોડથી વધુની છેતરપિંડીનો ખુલાસો થયો છે.હાલ સુરત સાયબર ક્રાઈમ સેલ આરોપીની વધુ પૂછપરછ કરી રહી છે. પોલીસ મુખ્ય સૂત્રધારો, અન્ય બેંક ખાતાઓનો ઉપયોગ કરનાર લોકો અને સમગ્ર સાયબર ફ્રોડ નેટવર્ક સુધી પહોંચવા માટે તપાસ આગળ વધારી રહી છે. આગામી સમયમાં આ કેસમાં વધુ ધરપકડ થવાની શક્યતા છે.

# ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા ૧૮ ડ્રાઈવરો તાત્કાલિક અસરથી સસ્પેન્ડ

### મુસાફરોની સુરક્ષા સાથે કોઈ સમાધાન નહીં, નિયમોનો ભંગ કરનાર સામે આગળ પણ રહેશે કડક કાર્યવાહી

અમદાવાદ,તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના જાહેર પરિવહનને વધુ સુરક્ષિત અને શિસ્તબદ્ધ બનાવવા માટે મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ટ્રાફિક નિયમોનો ભંગ, મુસાફરો સાથે અયોગ્ય વર્તન અને બેદરકારીપૂર્વક બસ ચલાવવાના આરોપસર AMTS અને BRTS સેવાના કુલ ૧૮ ડ્રાઈવરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કોર્પોરેશનના આ નિર્ણયને મુસાફરોની સુરક્ષા અને સેવા સુધારવાના દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.કોર્પોરેશનને છેલ્લા કેટલાક સમયથી વિવિધ ડ્રાઈવરો સામે સતત ફરિયાદો મળી રહી હતી. જેમાં નિયત બસ સ્ટોપ પર બસ ન રોકવી, મુસાફરોને રસ્તા વચ્ચે ઉતારવા કે ચઢાવવાના બનાવો, વધુ ઝડપે બસ ચલાવવી, ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવું તેમજ મુસાફરો સાથે અભદ્ર અને તોછડું વર્તન કરવા જેવી ગંભીર બાબતોનો સમાવેશ થાય છે. કેટલાક કેસમાં બેદરકારીના કારણે અકસ્માત સર્જાતા મુસાફરોના જીવને જોખમ પણ ઉભું થયું હોવાનું તપાસ દરમિયાન સામે આવ્યું હતું.આ ફરિયાદોને ગંભીરતાથી લઈને AMCના સંબંધિત વિભાગે તપાસ હાથ ધરી હતી. તપાસમાં નિયમોના ઉલ્લંઘનની પુષ્ટિ થતાં ૧૮ ડ્રાઈવરો સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી અને તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. કોર્પોરેશનનું કહેવું છે કે જાહેર પરિવહનમાં ફરજ બજાવતા કર્મચારીઓ પાસેથી જવાબદારીપૂર્ણ વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે અને નિયમોનો ભંગ કરનાર સામે કોઈપણ પ્રકારની ઢીલાશ રાખવામાં આવશે નહીં.AMCએ સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોની સુરક્ષા, સમયસર સેવા અને ટ્રાફિક નિયમોનું પાલન તેની પ્રથમ પ્રાથમિકતા છે. શહેરમાં દરરોજ હજારો મુસાફરો AMTS અને BRTS સેવાનો ઉપયોગ કરે છે, તેથી ડ્રાઈવરો દ્વારા કરવામાં આવતી કોઈપણ બેદરકારી ગંભીર પરિણામો લાવી શકે છે. આ કારણસર ભવિષ્યમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરનાર કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.કોર્પોરેશને તમામ ડ્રાઈવરોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા, નિયત બસ સ્ટોપ પર જ બસ ઉભી રાખવા અને મુસાફરો સાથે સૌજન્યપૂર્ણ વર્તન રાખવા સૂચના આપી છે. સાથે જ જાહેર પરિવહનની ગુણવત્તા અને સુરક્ષા જાળવવા માટે નિયમિત દેખરેખ અને તપાસની કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે. કોર્પોરેશનના આ પગલાથી મુસાફરોમાં સુરક્ષાની ભાવના વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો

# અમદાવાદ એરપોર્ટ પર ડ્રગ્સની હેરાફેરીનો વધુ એક પર્દાફાશ

### બેંગકોકથી આવેલા મુસાફરની બેગમાંથી ૫.૩૬૮ કિલો હાઇડ્રોપોનિક ગાંજો ઝડપાયો, કસ્ટમ્સે કરી ધરપકડ

અમદાવાદ,તા.૯

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રગ્સની હેરાફેરીનો વધુ એક મોટો કેસ સામે આવ્યો છે. એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) અને અમદાવાદ કસ્ટમ્સ વિભાગે સંયુક્ત કાર્યવાહીમાં બેંગકોકથી આવેલા એક મુસાફરની બેગમાંથી ૫.૩૬૮ કિલો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. આ મામલે આરોપીની ધરપકડ કરીને એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, આરોપી થાઈ એરવેઝની ફ્લાઈટ મારફતે બેંગકોકથી અમદાવાદ આવ્યો હતો. એરપોર્ટ પર પેસેન્જર પ્રોફાઈલિંગ દરમિયાન તેની હિલચાલ શંકાસ્પદ જણાતાં એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ તેને રોકી પૂછપરછ શરૂ કરી હતી. ત્યારબાદ તેની ટ્રોલી બેગની વિગતવાર તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન બેગમાંથી કાળા રંગની પોલિથિનમાં ખૂબ જ ચાલાકીપૂર્વક પેક કરાયેલા પાંચ અલગ-અલગ પેકેટ મળી આવ્યા હતા. બેગમાં લિંબુ પણ રાખવામાં આવ્યા હતા, જેથી માદક પદાર્થની ગંધ છુપાવી શકાય તેવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કસ્ટમ્સ અધિકારીઓએ ફિલ્ડ ટેસ્ટ કિટ દ્વારા પદાર્થની તપાસ કરતાં તે ઉચ્ચ ગુણવત્તાનો હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું સામે આવ્યું હતું.

ત્યારબાદ સમગ્ર જથ્થો જપ્ત કરીને આરોપીની સત્તાવાર રીતે ધરપકડ કરવામાં આવી હતી. કસ્ટમ્સ વિભાગે આરોપી સામે એનડીએપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ આ ગાંજો વ્યક્તિગત ઉપયોગ માટે લાવવામાં આવ્યો હતો કે પછી તેની પાછળ કોઈ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટ કાર્યરત છે, તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.તાજેતરના સમયમાં અમદાવાદ એરપોર્ટ પર વિદેશથી આવતાં મુસાફરો પાસેથી વિવિધ પ્રકારના માદક પદાર્થો ઝડપાવાની ઘટનાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. જેના કારણે કસ્ટમ્સ અને એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા દેખરેખ વધુ કડક બનાવવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે શંકાસ્પદ મુસાફરો પર સતત નજર રાખવામાં આવી રહી છે અને ગેરકાયદે નશીલા પદાર્થોની હેરાફેરી સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી રહી છે.

### યુનિવર્સિટીનો મોટો નિર્ણય

# HNGU એ પાટણ-મહેસાણાની ૧૭ કોલેજોનું જોડાણ રદ કર્યુ

પાટણ,તા.૯

ઉત્તર ગુજરાતની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (HNGU) દ્વારા શિક્ષણની ગુણવત્તા જાળવવા માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. યુનિવર્સિટીએ પાટણ અને મહેસાણા જિલ્લાની સંલગ્ન ૧૭ કોલેજોનું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી રદ કરવાનો નિર્ણય લીધો છે.

યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી તપાસમાં આ કોલેજોમાં વહીવટી અનિયમિતતા, પૂરતા સ્ટાફનો અભાવ, જરૂરી શૈક્ષણિક સાધનોની અછત સહિતની ખામીઓ સામે આવી હતી. ઉચ્ચ કક્ષાની તપાસ સમિતિના અહેવાલ બાદ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં ઠરાવ પસાર કરીને આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.જોડાણ રદ કરાયેલી કોલેજોમાં આર્ટ્સ, કોમર્સ, સાયન્સ તેમજ વિવિધ પ્રોફેશનલ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ તમામ કોલેજોમાં આગામી શૈક્ષણિક વર્ષથી નવા વિદ્યાર્થીઓના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

યુનિવર્સિટીના આ નિર્ણય બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. જોકે, યુનિવર્સિટી પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શિક્ષણ પર કોઈ અસર નહીં પડે.HNGUના કુલપતિએ જણાવ્યું છે કે, અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને નજીકની અન્ય માન્યતા પ્રાપ્ત કોલેજોમાં પ્રવેશ આપવામાં આવશે. જરૂરિયાત મુજબ અન્ય કોલેજોમાં વધારાની બેઠકો મંજૂર કરીને વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં તેની વ્યવસ્થા કરવામાં આવશે.

યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયને શૈક્ષણિક વ્યવસ્થામાં ગુણવત્તા અને નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટેનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### સુરતના પર્વત પાટિયામાં પૂરનો આક્રોશ

# ટ્રેક્ટરમાં પહોંચેલા નેતાઓને લોકોએ ગંદા પાણીમાં ઉતાર્યા

### ૪૦ વર્ષ જૂની સમસ્યાનો કાયમી ઉકેલ માંગતા સ્થાનિકો, પૂરગ્રસ્ત વિસ્તારોમાં તંત્ર સામે વધતો રોષ

સુરત,તા.૯

સુરત શહેરમાં ખાડી પૂરથી સર્જાયેલી મુશ્કેલીઓ વચ્ચે પર્વત પાટિયા વિસ્તારમાં લોકોનો આક્રોશ સામે આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ રહેતા હજારો પરિવારો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ દરમિયાન સ્થળ પર મુલાકાત માટે પહોંચેલા નેતાઓ અને અધિકારીઓ સામે સ્થાનિકોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો.પર્વત પાટિયા વિસ્તારમાં જ્યારે સ્થાનિક કોર્પોરેટરો અને મનપાના અધિકારીઓ ટ્રેક્ટર લઈને પહોંચ્યા ત્યારે રહેવાસીઓએ તેમને ઘેરી લીધા હતા. લોકોનો આક્ષેપ હતો કે પૂર જેવી ગંભીર પરિસ્થિતિમાં તંત્ર દ્વારા સમયસર મદદ પહોંચાડવામાં આવી નથી. નારાજ રહેવાસીઓએ નેતાઓ અને અધિકારીઓને ટ્રેક્ટરમાંથી નીચે ઉતરીને પાણી ભરાયેલા રસ્તા પર ચાલવા મજબૂર કર્યા હતા.સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા ત્રણ દિવસથી અનેક ઘરોમાં પાણી ભરાયેલા છે અને લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અનેક પરિવારોને ખાવા-પીવાની વસ્તુઓ તેમજ જરૂરી સામગ્રી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. લોકોનો આક્ષેપ છે કે જ્યારે તેઓ મુશ્કેલીમાં હતા ત્યારે તંત્રના પ્રતિનિધિઓ સમયસર પહોંચ્યા નહોતા.રોષે ભરાયેલા રહેવાસીઓએ નેતાઓને સવાલ કર્યો હતો કે, "જ્યારે અમે ભૂખ્યા-તરસ્યા હતા ત્યારે તમે ક્યાં હતા?" લોકોનું કહેવું છે કે દર વર્ષે ચોમાસામાં આ પ્રકારની સમસ્યા સર્જાય છે, પરંતુ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી.સ્થાનિકોએ એવો પણ આક્ષેપ કર્યો છે કે પર્વત પાટિયા વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી પાણી ભરાવાની સમસ્યા યથાવત છે. લોકોનું કહેવું છે કે છેલ્લા ચાર દાયકાથી આ વિસ્તારમાં એક જ પ્રકારની મુશ્કેલી ઉભી થાય છે છતાં યોગ્ય આયોજન કરવામાં આવ્યું નથી. ચૂંટણી દરમિયાન નેતાઓ લોકો પાસે મત માંગવા આવે છે, પરંતુ આફતના સમયે લોકોની સમસ્યા ઉકેલવામાં નિષ્ફળ રહે છે.

આ વિસ્તારમાં વેપારીઓમાં પણ ભારે નારાજગી જોવા મળી રહી છે. દુકાનો અને વેપારી સ્થળોમાં પાણી ઘૂસી જતાં માલસામાનને નુકસાન થયું હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે દર વર્ષે લાખો રૂપિયાનું નુકસાન થાય છે.

સ્થાનિકોએ તંત્ર પાસે કાયમી ઉકેલની માંગ કરી છે. લોકોનું કહેવું છે કે માત્ર મુલાકાતો અને નિરીક્ષણથી સમસ્યાનું સમાધાન નહીં આવે, પરંતુ વરસાદી પાણીના નિકાલ માટે લાંબા ગાળાનું આયોજન જરૂરી છે.

# લીલીયા મોટા : સરકારી કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજય કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના એનએસએસ દ્વારા તા. ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ કોલેજ પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ, હરિયાળીનું જતન તેમજ વૃક્ષો પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન એનએસએસ સ્વયંસેવકો, અધ્યાપકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓએ વિવિધ પ્રકારના છાયાદાર અને ફળાઉ વૃક્ષોનારોપાઓનું વાવેતર કર્યુ હતું. ઉપસ્થિત સૌએ વાવેલા વૃક્ષોની નિયમિત સંભાળ રાખવાનો સંકલ્પ પણ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડે વૃક્ષારોપણ કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી તથા વિદ્યાર્થીઓને વધુમાં વધુ વૃક્ષો વાવી તેની સંભાળ રાખીને પર્યાવરણ સંરક્ષણમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. વિરાજ હરજીવનભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને માત્ર વૃક્ષારોપણ પૂરતું જ નહીં પરંતુ તેની નિયમિત સંભાળ રાખવાની પણ પ્રેરણા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે લીલીયા તાલુકાના વિવિધ આગેવાનો તથા કોલેજના અધ્યાપકગણ, બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા એનએસએસ સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવી હતી. આજનું એક વૃક્ષ આવતી પેઢી માટે અમૂલ્ય વારસો છે. પર્યાવરણનું સંતુલન જાળવવા અને સ્વસ્થ જીવન માટે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર તથા તેનું જતન કરવું સમયની માંગ છે. આ તકે લેઉવા પટેલ સમાજ શ્રેષ્ઠી અને સેવાભાવી ડો. જયંતીભાઈ કુંભાણી દ્વારા તેમના ૬૦ વર્ષ પૂર્ણ થતા જન્મદિવસની અનોખી ઉજવણી કરેલ. જેમાં કોલેજ પરિસર સહિત અલગ અલગ જગ્યાઓ પર ૬૦ વૃક્ષોનું વાવેતર કરી લોકોને અલગ જ રાહ ચીંધેલ.


સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ પ્રવેશ
KG થી ૧૨ ગુજરાતી મિડીયમ
આર્ટસ – કોમર્સ – સાયંસ
KG થી ૧૨ ઇંગ્લીશ મિડીયમ
કોમર્સ – સાયંસ
BA - MA કોલેજ
સાયકોલોજી – સોશીયોલોજી – ઇંગ્લીશ
B.Sc. - M.Sc. કોલેજ
માઇક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી
B.Com. - M.Com – ગુજરાતી મિડીયમ
B.Com. - M.Com – ઇંગ્લીશ મિડીયમ
PTC કોલેજ ગુજરાતી મિડીયમ
PTC કોલેજ ઇંગ્લીશ મિડીયમ
BCA-MCA-BBA-MBA-B.Ed.
B.Pharm.-M.Pharm.-PG DMLT
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
Ad120


પાના ૧ ઉપરનું ચાલું
## સિંહનુ રેસ્કયુ કરવામાં આવ્યુ

દીધો હતો. આ બનાવમાં સિંહના હુમલામાં ૨૧ વર્ષીય યુવકનું મોત નીપજયું હતું.

બનાવની જાણવા મળતી વિગત મુજબ મૃતક યુવક સાથે રહેલા યશરાજસિંહની વનવિભાગે પૂછપરછ કરતા સોહિલ અને તેના મિત્ર યશરાજસિંહ સાથે રાત્રીના સમયે લીલીયા ગામેથી લુવારીયા ગામ તરફ તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેઓ અંધારામાં રસ્તો ભૂલી જતા બંને અંટાલીયા નજીકના જંગલ વિસ્તારમાં પહોંચી ગયા. આ દરમિયાન સોહિલને લઘુશંકા માટે ત્યાં રોકાવું પડયું. તે સમયે જ અચાનક સિંહે હુમલો કરી દીધો જેમાં સોહિલનું ઘટનાસ્થળે જ મોત થયું.

ઘટનાની જાણ થતાં જ DCF ચિરાગ અમીન સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે જણાવ્યું કે ‘‘પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, સિંહ મેટીંગ પીરિયડમાં હતો. કોઈ ઉશ્કેરણી કે પજવણી થઈ હતી કે કેમ ? તેની ઊંડી તપાસ કરવામાં આવશે. સ્થળ પર કેટલા લોકો હતા અને શું બન્યું તેની પણ તપાસ ચાલુ છે.’’

વનવિભાગના જણાવ્યા અનુસર મૃતક યુવક તથા તેમના મિત્રના મોબાઈલ ફોનની તપાસ કરતા કેટલીક હિસ્ટ્રી ડીલીટ થયેલ છે. જેમાં સિંહના વિડીયો કે, ફોટોગ્રાફસ હતા કે, કેમ તે અંગે મોબાઈલ ફોનને ફોરેન્સિક તપાસ માટે મોકલાવમાં આવશે.

આ બનાવમાં બિન સત્તાવાર રીતે જાણવા મળ્યા મુજબ વનવિભાગ તથા પોલીસે મૃતક યુવક સાથે રહેલા શંકાસ્પદ બે યુવકોનીની પૂછપરછ શરૂ કરતા ગેરકાયદેસર ચાલતા લાઈન શો, તે અંગેનું નેટવર્ક સહીતની હકીકત તથા આ બનાવમાં શું બન્યું હતું ? તે અંગે કેટલાક ખુલાસાઓ સામે આવે તેવી શકયતાઓ છે.

DCFએ વધુમાં કહ્યું કે ‘‘૯ થી ૧૨ વર્ષના એક સિંહને રેસ્કયુ કરી લેવામાં આવ્યો છે. આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સિંહને ખલેલ પહોંચાડવી, પજવણી કરવી કે ઉશ્કેરણી કરવી એ કાયદેસર ગંભીર ગુનો છે. આવા કૃત્યને ‘સિંહ દર્શન’ કહેવાય અને જો કોઈ આવું કરશે તો વનવિભાગ કડક કાર્યવાહી કરશે. નાગરિકોએ સિંહ પજવણીની કોઈ માહિતી હોય તો તાત્કાલિક વનવિભાગનો સંપર્ક કરવો.’’

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાંથી શંકાસ્પદ ઘી

દરમિયાનખાનગીરાહેબાતમીમળેલકે, અમરેલીશહેરવિસ્તારબટારવાડીશેરી નંબર–૧ માં માતંગી નિવાસ નામના રહેણાંકમકાનસંજયરમેશભાઈવિરાણી (રહે. મુળ બાઢડા, તા. સાવરકુંડલા) પોતાનાં કબ્જા ભોગવટાનાં રહેણાંક મકાને અલગ અલગ બનાવટી ઘી બનાવવાનાંસાધનસામગ્રીરાખીબનાવટી ઘી બનાવતા હોય. જે બાતમી આધારે એસઓજી ટીમ દ્વારા હકીકતવાળી જગ્યાએ તપાસ કરતા સદર મકાનમાં વનસ્પતિતેલઅનેવનસ્પતિઘીનોજથ્થો મિશ્રણકરીશંકાસ્પદઘીનોજથ્થોતેમજ અલગ અલગ સાઈઝના ઘી ભરવાના ડબ્બાઓ તેમજ ડબ્બાને સીલ કરવાના સાધનો મળી આવેલ હતા. તેમજ હાજર ઈસમ શંકાસ્પદ ઘીને અલગ અલગ સાઈઝમાંપેકીંગનીકાર્યવાહીકરતાહોય જેથી તમામ મુદામાલ જે તે સ્થિતિમાં ઝડપી પાડી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અમરેલીના અધિકારીને સ્થળ ઉપર બોલાવીજરૂરીસેમ્પલોમેળવીચકાસણી કરાવામાટેમોકલવામાંઆવેલછે. તેમજ ઝડપાયેલ શંકાસ્પદ ઘીના જથ્થા બાબતે હાલ જાણવા જોગ રજીસ્ટર કરી કાયદેસરનીકાર્યવાહીહાથધરેલછે.

પાના ૮ ઉપરનું ચાલું
## રાજયમંત્રી કૌશિક વેકરિયા

સુરક્ષા દિવાલ (પ્રોટેકશન વોલ) બનાવવા તેમજ આવાગમન સુવિધા માટે નવા માઈનર બ્રિજ, સ્લેબ ડ્રેઈન સહિતના કામો ઝડપભેર કરવા બાબતે ઉપસ્થિત સંબંધિત વિભાગના અધિકારીઓને સ્થળ પર જ જરૂરી સૂચનાઓ આપી હતી અને માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

ભારે વરસાદના કારણે ખેતીવાડી અને ગ્રામ્ય વિસ્તારોમાં ખોરવાયેલા વીજ માળખા અંગે રાજયમંત્રીએ ગંભીરતા દાખવી હતી અને પૂરના કારણે ધરાશાયી થયેલા વીજપોલ અને ક્ષતિગ્રસ્ત બનેલી વીજલાઈનોનું રીસ્ટોરેશન–રીપેરીંગ કામ ઝડપથી પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ.ના તંત્રને સ્થળ પર જ આદેશ સાથે સૂચનાઓ આપી હતી. ખાસ કરીને ખેડૂતોને હાલાકી ન ભોગવવી પડે તે માટે ખેતીવાડી ક્ષેત્રનો વીજ પુરવઠો ત્વરાએ ટૂંકા સમયમાં પૂર્વવત કરવા તાકીદ કરી હતી.

અમરેલી, ધારી અને ખાંભા તાલુકામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોની રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની સ્થળ મુલાકાત દરમિયાન તાલુકા પંચાયત હોદ્દેદારો, સરપંચો, સ્થાનિક અગ્રણીઓ, અમરેલી પ્રાંત અધિકારી નાકિયા, ધારી પ્રાંત અધિકારી અર્પણ ચાવડા, માર્ગ અને મકાન વિભાગ–રાજય અને પંચાયતના અધિકારીઓ, જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગના અધિકારી, પી.જી.વી.સી.એલ. અધિકારી અને ઈજનેરો, સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## લાઠીનાં જલાલપુર નજીકથી વાડીએથી વાયર, પાઈપની ચોરી

અમરેલી, તા. ૯

ભાવનગર જિલ્લાના રંઘોળા ગામે નવાપરા–ઠોંડા રોડ ઉપર રહેતા ભુપતભાઈ કલાભાઈ સાંગા નામના ૫૪ વર્ષિય ખેડૂતની લાઠી તાલુકાના સુવાગઢ જલાલપુર વિકળીયા રોડે આવેલ વાડીએથી ગત તા. ૫ના બપોરના આશરે બારેક વાગ્યાથી તા. ૭ના રોજ બપોરના આશરે ચારેક વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે પાણી ખેંચવાની મોટરની ઈલેકટ્રીક કેબલ વાયર ૨૦૦ ફુટનો કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા પાણી ખેંચવાની પાઈપ (ડંડો) ૮૦ ફુટ કિંમત રૂપિયા ૬૦૦૦ તથા ઝટકા મશીન, બેટરી, સોલાર પ્લેટ, તથા ઝટકા બાંધવાની પાઈપ ૨૦ની કુલ કિંમત રૂપિયા ૧૫,૦૦૦ તથા પેનલ બોર્ડ, કિંમત રૂપિયા ૧૨,૦૦૦ની મળી કુલ રૂપિયા ૪૩,૦૦૦નો મુદ્દામાલ કોઈ અજાણ્યો ચોર ઈસમ વાડીમાં પ્રવેશ કરી ચોરી કરી લઈ ગયાની દામનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

**એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૭૦/૨૦૨૬

**અરજદાર :** શ્રી માધડ રમેશભાઈ જેઠાભાઈ,
સરનામું : રહે. બહારપરા, સાવરકુંડલા રોડ, અમરેલી, તા.જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં માધડ રમેશભાઈ જેઠાભાઈ તેમના દાદીશ્રી **મલુબેન રાજાભાઈ માધડનું મરણ (તા.૦૧/૦૧/૧૯૯૧)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૮–૦૭–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

(કે.કે. દવે)
એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર


‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
‘‘અમરેલી એક્સપ્રેસ’’ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૫૦ | ૧૪૨૦ |
| ૨ | શિંગદાણા | ૧૬૯૦ | ૨૪૯૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૯૦ | ૧૮૦૫ |
| ૪ | તલ સફેદ | ૧૨૫૦ | ૨૭૯૫ |
| ૫ | તલ કાળા | ૨૦૩૦ | ૪૦૦૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૩૭૫ | ૨૪૫૦ |
| ૭ | બાજરો | ૪૭૫ | ૪૭૫ |
| ૮ | જુવાર | ૪૮૫ | ૧૧૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૩૫ |
| ૧૧ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૫૬૫ |
| ૧૩ | અડદ | ૧૫૫૦ | ૧૬૪૫ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૧૭૦ |
| ૧૫ | સફેદ ચણા | ૯૫૦ | ૧૧૧૫ |
| ૧૬ | છોલે ચણા | ૧૦૨૫ | ૧૨૬૦ |
| ૧૭ | તુવેર | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૧૮ | કપાસ | ૧૧૧૦ | ૧૯૧૫ |
| ૧૯ | એરંડા | ૧૦૫૦ | ૧૩૭૦ |
| ૨૦ | જીરૂ | ૧૫૦૦ | ૩૧૫૦ |
| ૨૧ | રાય | ૧૪૯૫ | ૧૫૨૫ |
| ૨૨ | ધાણા | ૨૭૮૦ | ૨૮૨૫ |
| ૨૩ | ધાણી | ૨૨૮૦ | ૨૮૭૫ |
| ૨૪ | મેથી | ૯૯૦ | ૧૩૦૦ |
| ૨૫ | સોયાબીન | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૨૬ | રજકાનું બી | ૭૫૦૦ | ૭૫૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૫૫ | ૧૩૦૫ |
| ૨ | તલ સફેદ | ૨૨૪૦ | ૨૪૭૫ |
| ૩ | તલ કાળા | ૩૩૪૦ | ૩૭૧૫ |
| ૪ | ચણા | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ૫ | ઘઉં | ૫૦૫ | ૫૧૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૧૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ દાણા | ૧૮૦૦ | ૨૫૫૦ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૧૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૭૦૦ |
| ૫ | જીરૂ | – | ૩૭૭૧ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૭૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૮૭ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | મકાઈ | ૩૦૦ | ૪૫૦ |
| ૧૨ | મગ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ૧૩ | અડદ | ૧૫૦૦ | ૧૭૪૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ૧૬ | એરંડી | ૧૨૦૦ | ૧૩૬૦ |
| ૧૭ | મેથી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૧૮ | ધાણા | ૨૫૦૦ | ૨૮૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૦૬૦ | ૧૧૭૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૭૭ |
| ૩ | ચણા | ૯૯૦ | ૧૧૩૬ |
| ૪ | તુવેર | ૧૦૦૧ | ૧૪૨૧ |
| ૫ | ધાણા | ૨૫૦૦ | ૨૭૮૦ |
| ૬ | મગ | ૧૪૫૧ | ૧૪૫૧ |
| ૭ | તલ સફેદ | ૨૦૧૦ | ૨૬૪૦ |
| ૮ | તલ કાળા | ૩૪૭૦ | ૩૪૭૦ |
| ૯ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | શીંગ દાણા | ૧૫૦૦ | ૨૨૨૫ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ૧૨ | એરંડા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૩ | કલોંજી | ૧૨૦૦ | ૨૨૭૫ |
| ૧૪ | જુવાર | ૭૭૫ | ૭૭૫ |
| ૧૫ | સોયાબીન | ૧૨૨૧ | ૧૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૯ |
| ૩ | જુવાર | ૭૦૦ | ૧૧૫૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૨૨ |
| ૫ | એરંડી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૬ | ચણા | ૮૫૦ | ૧૦૬૪ |
| ૭ | મકાઈ | ૫૧૫ | ૫૧૫ |
| ૮ | મગ | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ૯ | શીંગદાણા | ૧૨૨૫ | ૧૯૦૦ |
| ૧૦ | સોયાબીન | ૧૩૩૫ | ૧૫૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૨૪૦ | ૨૫૩૦ |
| ૧૨ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | ધાણા | ૨૩૦૦ | ૨૭૬૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૪૦ |
| ૩ | તલ કાળા | ૧૦૦૦ | ૩૫૯૬ |
| ૪ | કપાસ | ૧૬૭૦ | ૧૬૭૦ |
| ૫ | બાજરો | ૪૫૦ | ૫૩૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૨૦ |
| ૭ | જુવાર | ૫૦૧ | ૧૧૭૬ |
| ૮ | મકાઈ | ૩૭૫ | ૪૫૦ |
| ૯ | મગ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૧૦ | તુવેર | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૧ | ચણા | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ૧૨ | એરંડી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૩ | ધાણા | ૨૦૦૦ | ૨૧૦૦ |
| ૧૪ | સોયાબીન | ૧૪૨૫ | ૧૫૦૦ |
| ૧૫ | રાય | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | શીંગદાણા | ૧૭૫૦ | ૧૮૨૦ |

# અમરેલી : શ્રી બી.એન. વિરાણી માધ્યમિક શાળામાં સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



અમરેલી ખાતે શ્રી બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા ખાતે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ડીવાયએસપી ચિરાગભાઈ દેસાઈ તથા પીઆઈ ઝાલા મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીનીઓને સાયબર ફ્રોડ, ફિશિંગ, ઓટીપી છેતરપીંડી, સોશિયલ મીડિયા સુરક્ષા તથા ઓનલાઈન ઠગાઈથી બચવાના ઉપાયો અંગે સરળ ઉદાહરણો દ્વારા માર્ગદર્શન આપ્યું. અને સાયબર સુરક્ષા અંગે જાગૃત રહેવાનો સંદેશ આપ્યો.

### ઢસા ગામ વિદ્યુત બોર્ડ કર્મચારી મંડળ દ્વારા

# ટીંબીની શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને રૂપિયા ૫૧ હજારનું અનુદાન

## મંડળીના હોદ્દેદારોએ ચેક અર્પણ કર્યો



ટીંબી, તા. ૯

ટીંબી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલમાં ચાલતા સેવાકાર્યથી પ્રભાવિત થઈને ઢસા ગામ સ્થિત વિદ્યુત બોર્ડ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીનાં કમિટી સભ્યો દ્વારા હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યમાં દર્દીનારાયણ સારવાર અર્થે સહભાગી થવાનાં શુભાશયથી મંડળીનાં પ્રમુખ જે.બી. દેવમુરારી, મંત્રી આર.એલ. રોકિયા તેમજ મંડળીનાં વ્યવસ્થાપક કમિટી સભ્યો દ્વારા રૂપિયા એકાવન હજારનો ચેક હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરાને અનુદાનરૂપે અર્પણ કરેલ છે. આ તકે તેઓને બ્ર.પ.પૂ. સદ્‌ગુરૂદેવ લિખીત પુસ્તક 'જીજ્ઞાસુ પિયુષ' અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે, વિદ્યુત બોર્ડ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી- ઢસા ગામ તથા તેમનાં કમિટી સભ્યોનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરે છે.

### સીસીટીવી કેમેરાની મદદથી ગુન્હો ઉકેલાયો

# રાજુલાનાં બસ સ્ટેન્ડમાં મુસાફરનું ખિસ્સુ કાપનાર આરોપીની અટકાયત

## આરોપીનું નામ યુસુફભાઈ પરમાર રહે.કોડિનાર હોવાનુ ખુલ્યુ



અમરેલી, તા. ૯

રાજુલા બસ સ્ટેશનમાં બસમાં ચડતાં-ઉતરતા પેસેન્જરોના પર્સની ચોરી કરતાં ખિસ્સા કાતરૂને સી.સી.ટી.વી કેમેરાઓ આધારે રાજુલા પોલીસે ટીમે ઝડપી લીધેલ છે.વિગત એવા પ્રકારની છે કે, ગત તા.૮ના રોજ જાફરાબાદ ગામે રામજયંતા સોસાયટીમાં રહેતા શંકરભાઈ ઉર્ફે કોકારાવાળા બચુભાઈ બારૈયા નામના ૬૫ વૃદ્ધ તથા અન્ય મુસાફરો રાજુલા બસ સ્ટેશનમાં બસની રાહે ઉભેલા હતા. જયારે જાફરાબાદ રૂટની બસ આવતા તેમાં બધા મુસાફરો ચડતા હોય તે વખતે કોઇ અજાણ્યા ચોર ઈસમે વૃદ્ધના પેન્ટના જમણા ખીસ્સામાં રાખેલ પાકીટ વૃદ્ધની નજર ચુકવી કાઢી લઇ ચોરી કરી ગુન્હો કરેલ હતો. જે બાબતે અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ રાજુલા પોલિસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાયેલ હતી.

જે અનુસંધાને રાજુલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક નથના ગોરડીયાના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલિસ સ્ટે.ના પોલિસ ઈન્સ વી.એમ. કોલાદરાની સુચના હેઠળ ગુનાને અંજામ આપી નાસી ગયેલ આરોપીઓની ખાનગી બાતમીદારો મારફતે આરોપીઓ અંગે ચોકકસ બાતમી મેળવી, આ ચોરીના ગુનાને અંજામ આપનાર આરોપીઓને ચોરીમાં ગયેલ મુદામાલ સાથે પકડી પાડી નાગરીકોના ચોરાયેલ મુદામાલ તેમને પાછા મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવાં રાજુલા પોલીસ સ્ટાફ દ્વારા બસ સ્ટેશન તેમજ આજુબાજુના વિસ્તારોમાં "વિસ પ્રોજેકટ" અંતર્ગત લગાવેલ સી.સી.ટી.વી. કેમેરાઓ તથા હ્યુમન સોર્સ આધારે ચોકકસ બાતમીના આધારે કોડીનાર ગામે મીર શેરીમાં રહેતા આરોપી યુસુફભાઈ ભીખનભાઈ પરમારને રોકડા રૂપિયા ૩,૫૦૦ સાથે પકડી પાડી, વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલ છે.

આ પકડાયેલ આરોપી એસ.ટી. બસ મારફતે રાજુલા બસ સ્ટેશનમાં પેસેન્જર તરીકે આવી, અને જે બસમાં વધારે ટ્રાફિક હોય તે બસમાં પેસેન્જર બની બસમાં ચડતી વખતે ગીરદીનો લાભ લઈ ગ્રામ્ય વિસ્તારના માણસોને ટાર્ગેટ કરી, તેમની પાસે ખિસ્સામાં રાખેલ પર્સની, હાથ ચાલાકીથી ચોરી કરી તેમાં રહેલ રોકડા રૂપિયાની ચોરી કરવાની ટેવ ધરાવતો હતો.

ઝડપાયેલ આરોપી સામે અગાઉ પણ રાજકોટ રૂરલ, ગીર સોમનાથ, અમરેલી સહિતના જિલ્લાના ૧૦ જેટલા પોલીસ સ્ટેશનમાં સ્તરીસવીની ડેમેરાની ગુન્હો ઉકેલાયો. ફરિયાદ નોધાયેલ છે.

### વીજપડીનાં અગ્રણી યાકુબભાઈ રસભર્યાની માંગ

# સાવરકુંડલા-લીલીયા વિધાનસભા બેઠકની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી કોળી સમાજનાં અગ્રણીને ટિકીટ આપો

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડાને પત્ર પાઠવ્યો

સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલાના વીજડપી ગામનાં અગ્રણી યાકુબભાઈ રસભર્યાએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, વિધાનસભાની યોજાયેલ છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં લીલીયા વિસ્તારના અગ્રણી કાર્યકરને ઉમેદવારી કરવાની તક આપવામાં આવી છે. તે મુજબ આગામી ત્રણ વિધાનસભાની ચૂંટણીઓમાં સાવરકુંડલા શહેર-તાલુકાનાં અગ્રણી કાર્યકરને ઉમેદવારી કરવાની તક આપવી જોઈએ.

આગામી ચૂંટણીમાં કોળી સમાજનાં અગ્રણી ત્યારબાદની ચૂંટણીમાં આહીર સમાજનાં અગ્રણી ત્યારબાદ પ્રજાપતિ સમાજનાં અગ્રણી એમ તમામ વર્ગનાં કાર્યકરોને ઉમેદવારી કરવાની તક આપવી જોઈએ કારણકે વર્ષોથી આપણે હારતાં આવીએ છીએ તે માટે અનેક કારણો જવાબદાર છે તે પૈકી એક મહત્વનું કારણ એ પણ છે કે આપણો પક્ષ સાવરકુંડલા-લીલીયા બેઠક ઉપર દરેક જ્ઞાતિને તક આપતો નથી તેમ મારૂ માનવું છે.પંજો અમો જામનગર N.S.U.I.નાં ઉપપ્રમુખ તરીકે સેવા આપવાથી લઈને છેલ્લે અમરેલી જીલ્લા કોંગ્રેસ સમિતિનાં મહામંત્રી તરીકે સેવા આપી ચુક્યા છીએ. અમો N.S.U.I.નાં ઉપપ્રમુખ તરીકે સેવા આપતા હતા ત્યારે જામનગર જીલ્લા યુવક કોંગ્રેસનાં પ્રમુખ રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ (મુંગરા)ની સુચનાથી જીલ્લા પ્રમુખ જે.બી. જાડેજાએ અમારી નિમણુંક કરી ત્યારે પ્રદેશ N.S.U.I. પ્રમુખ ઈટાલિયન બેકરીવાળા મહંમદ ઉમર શેખ તથા ઓંલ ઈન્ડીયા પ્રમુખ તરીકે મુકુલ વાસનિક સેવા આપતાં હતાં. મતલબ કે છેલ્લા ૪૦ વર્ષથી વધુ સમયથી અમો કોંગ્રેસનાં સૈનીક તરીકે સેવા આપી રહયા છીએ. અમારી પસંદગીનાં ઉમેદવાર ન આવે કે સમાજના કોઈ અન્ય વર્ગનાં લોકોને અન્યાય થતો હોય ત્યારે પક્ષનાં હિતમાં અવાજ ઉઠાવેલ છે. જો લક્ષ ન આપવામાં આવે તો અમોએ અન્ય ઉમેદવારનો પણ પ્રચાર - પ્રચાર કરેલ છે. પરંતુ રાષ્ટ્રીય કક્ષાથી લઈને ગ્રામ્ય કક્ષા સુધી પાર્ટીમાં રહીને પાર્ટીને નુકશાન કરવાની ગદારી કરવામાં આવે છે તે અમોએ કરેલ નથી. વિસ્તાર અને વસ્તીની દ્રષ્ટિએ જોવામાં આવે તો સાવરકુંડલા-શહેર-તાલુકાનાં કાર્યકરોને ૫ થી ૬ વખત ઉમેદવારી કરવાની તક આપવી જોઈએ તેવી મારી લાગણી-સહ-માંગણી છે.

વિધાનસભા બેઠકમાં વસ્તી-વિસ્તારમાં સાવરકુંડલા પ્રાંત મોટો હોય તેવા પ્રાંતને વર્ષોથી અન્યાય થઈ રહયો છે. આમ જનતા ૧૫ વર્ષોથી અન્યાય સહન કરતી આવે છે જેથી આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની પ્રતિષ્ઠા જે કઈ છે તેમાં વૃદ્ધિ કરવા બેઠક વિજયી બને તે માટે સમાજનાં અન્ય વર્ગોનાં કાર્યકરોને પણ ઉમેદવારી કરવાની તક આપવી જરૂરી છે. તો યોગ્ય નિર્ણય લેવા અંતમાં માંગ કરેલ છે.

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું પ્રતિબંધાત્મક આદેશ ફરમાવતું જાહેરનામું

# અમરેલી કલેકટર કચેરી કેમ્પસ તથા તેની આજુબાજુ ૫૦ મીટર ત્રિજયામાં ધરણા કાર્યક્રમ, સભા પર પ્રતિબંધ

## સૂત્રો પોકારવાના નહીં, અફવાઓ ફેલાવવી નહી

અમરેલી, તા. ૯

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. કલેકટર કચેરી અમરેલી કેમ્પસ તથા તેની આજુબાજુ ૫૦ મીટર ત્રિજયામાં ઉપવાસ, ધરણા કાર્યક્રમ, સભા પર પ્રતિબંધ રહેશે. તેમજ જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સૂત્રો પોકારવા નહીં અને અફવાઓ ફેલાવવી નહીં. કોઈપણ વ્યકિતએ લાઠી કે, ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો નહીં.

કોઈપણ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ અથવા માનવ શરીરને નુકશાન થાય તેવા ઝેરી પદાર્થ સાથે રાખવા નહીં. આ હુકમ તા. ૧/૯/૨૬ સુધી અમલી રહેશે. હુકમના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારી કે તેમનાથી ઉપરના અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

# અમરેલીમાં આજે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુથી રાજય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની જિલ્લા રોજગાર કચેરી, અમરેલી દ્વારા રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન તા. ૧૦/૭/૨૦૨૬ના રોજ જય ગણેશ, ટાટા મોટર્સ વર્કશોપ, રાજકોટ બાયપાસ રોડ, અમરેલી ખાતે કર્યુ છે. આ ભરતી મેળાનો પ્રારંભ સવારે ૧૧:૦૦ કલાકથી સ્થળ પર થશે.


આ ભરતી મેળામાં કસ્ટમર એડવાઈઝર, એકાઉન્ટ આસિસ્ટન્ટની ખાલી જગ્યાને અનુરૂપ ૨૦ વર્ષથી લઈ ૪૦૧ વર્ષની વય મર્યાદા માટે કસ્ટમર એડવાઈઝરની જગ્યા માટે ધો. ૧૨ પાસ તથા એકાઉન્ટ આસિસ્ટન્ટ માટે બી.કોમ સાથે ટેલીનું જ્ઞાન ધરાવતા અનુભવી ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. ઉમેદવારોને પગાર અને આકર્ષક ઈન્ટેનસીવ મળવા પાત્ર છે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. અનુબંધમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન ન કરાવ્યું હોય તેવા ઉમેદવારો પણ ભાગ લઈ શકશે.

ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ બાયોડેટા, આધારકાર્ડ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, અનુભવના પ્રમાણપત્રો, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે સ્થળ પર ઉપસ્થિત રહેવાનું રહેશે. પુરૂષ અને સ્ત્રી ઉમેદવારો બંને માટે આ જગ્યાઓ અનુરૂપ છે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, અથવા ટેલિફોન નં. ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો, તેમ જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# સા.કુંડલા : નવજાત શિશુ માટે ૧૦૮ નિયોનેટલ એમ્બ્યુલન્સ બની જીવન માટે આશાનું કિરણ



અમરેલી, તા.૯

સાવરકુંડલા ખાતે આવેલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર હોસ્પિટલમાં આજે એક નવજાત શિશુનો જન્મ થયો હતો. એક દિવસના આ નવજાત શિશુની અચાનક જ તબિયત બગડતા અને આ નવજાત શિશુને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. જેથી આ નવજાત શિશુને ઓકિસજનની જરૂરિયાત સાથે અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જવું પડે તેમ હતું.જેથી સાવરકુંડલા હોસ્પિટલ ખાતેથી અમરેલી સિવિલ લઈ જવા માટે ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઇ.એમ.આઈ.આર આઈ.ગ્રીન હેલ્થ સર્વિસિસ દ્વારા સંચાલિત ૧૦૮ ની ઓનેટલ એમ્બ્યુલન્સ સાવરકુંડલા ખાતે કાર્યરત હોય, જેની મદદથી બાળકને સાવરકુંડલા હોસ્પિટલથી ઓકિસજન સાથે ટ્રાન્સપોર્ટ ઈન્કયુબેટર એટલે કે નવજાત શિશુને લઈ જવા માટેનું ઉષ્માનિયંત્રક (કૃત્રિમ ગરમી આપતું વાહન) થાય છે. જેની મદદથી અમરેલી સિવિલ ખાતે સુરક્ષિત લઈ જવાયેલ હતું.

અગાઉ પણ આવીજ રીતે ગત રોજ તા. ૭ ના રોજ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલાથી એક નવજાત શિશુ જેની ઉંમર માત્ર બે દિવસની હતી. તે બાળકને પણ ખેંચ આવતી હતી. તેમજ શ્વાસ લેવામાં તકલીફ જણાય હતી. જેથી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલાથી વધુ તપાસે અર્થે અમરેલીની સિવિલ હોસ્પિટલ લઈ જવું પડે તેમ હતું. તે બાળકને પણ સાવરકુંડલા ખાતે ખાસ નવજાત શિશુ માટે કાર્યરત એવી નિયોનેટલ એમ્બ્યુલન્સ દ્વારા નવજાત શિશુને સલામત રીતે લઈ જવામાં આવ્યું હતું.અમરેલી જિલ્લામાં સાવરકુંડલા ખાતે નવજાત શિશુઓ માટે ખાસ નિયોનેટલ એમ્બ્યુલન્સ કાર્યરત છે. જેમાં ખાસ કરી ૦ થી ૨૮ દિવસના નવજાત બાળકોને કોઈ પણ તકલીફ હોય તો તેમને તાત્કાલિક અને સુરક્ષીત રીતે હોસ્પિટલ સુધી પહોંચાડવા આ એમ્બ્યુલન્સ ચોવીસ કલાક કાર્યરત રહેશે.આ એમ્બ્યુલન્સમાં એડવાન્સ ઈન્કયુબેટર : નવજાતને શિશુને ગર્ભાશય જેવું સુરક્ષિત અને કુદરતી તાપમાન પૂરૂ પાડવા માટે ખાસ મશીન આવેલ છે. તથા નિયોનેટલ વેન્ટીલેટર અને ઓકિસજન સિસ્ટમ શ્વાસ લેવામાં તકલીફ અનુભવતા બાળકો માટે મુસાફરી દરમિયાન જ અત્યાધુનિક સન તંત્રની સુવિધા મળી રહે છે. મલ્ટીપેરા મોનિટર બાળકના હૃદયના ધબકારા અને ઓકિસજન લેવલ પર સેકન્ડ સેકન્ડ નજર રાખવા માટેનું મોનિટર રાખવામાં આવેલ છે.

તાલીમબદ્ધ મેડિકલ સ્ટાફ : મુસાફરી દરમિયાન બાળકની કટોકટીની પરિસ્થિતિને સંભાળવા માટે ખાસ અનુભવી ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન જેવી અદ્યતન સુવિધાઓ મળી રહેશે.

# સલમાનને સીઆરઝેડ ભંગ માટે હાઈકોર્ટની નોટિસ

## સીઆરઝેડ નિયમનો અનુસાર ૧૦૦ મીટરના નો ડેવલપમેન્ટ ઝોનમાં આવેલા કંડોલિમના પ્લોટમાં કરવામાં આવેલાં બાંધકામને પડકારવામાં આવ્યું

મુંબઈ, તા.૯

કાલંગુટ કન્સ્ટિટયુઅન્સી ફોરમ નામની સંસ્થાએ નોંધાવેલી જાહેર હિતની અરજીને ધ્યાનમાં લઈ ગોવા ખાતેની બોમ્બે હાઈકોર્ટ દ્વારા સલમાનખાનને કંડોલિમમાં આવેલી તેની સંપત્તિમાં કોસ્ટલ રેગ્યુલેશન ઝોન-સીઆરઝેડ-ના ધારાધોરણોનો ભંગ કરી બાંધકામ કરવા બદલ નોટીસ આપવામાં આવી હતી.સીઆરઝેડ નિયમનો અનુસાર ૧૦૦ મીટરના નો ડેવલપમેન્ટ ઝોનમાં આવેલા કંડોલિમના પ્લોટમાં કરવામાં આવેલાં બાંધકામને આ અરજી દ્વારા પડકારવામાં આવ્યું છે. અરજદારના જણાવ્યા અનુસાર સિંકવેરિઅમ નદીના ભરતીના મોજા જ્યાં આવે છે ત્યાંથી અંદાજે ૫૫ મીટરના અંતરે સીઆરઝેડના નિયમનોનો ભંગ કરી રહેણાંક વિલા અને સ્વિમિંગ પુલ બનાવવામાં આવ્યા છે.આ બાંધકામ કલાસિક સીટી ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. આ કંપનીમાં સલમાનખાન મેનેજિંગ પાર્ટનર હોવાનો દાવો અરજીમાં કરવામાં આવ્યો હતો.આ જાહેર હિતની અરજીમાં ગોવા સરકાર, ગોવા સીઆરઝેડ ઓથોરિટી, કન્ડોલિમ ગ્રામ પંચાયત અને પર્યાવરણ મંત્રાલય તથા અન્યોને પ્રતિવાદી બનાવી જવાબ નોંધાવવા જણાવાયું છે. આ નોટીસનો જવાબ મળ્યા બાદ આ મામલે વધુ સુનાવણી કરવામાં આવશે.

### ફલેગશીપ પહેલ જ્ઞાનજયોત પ્રોજેકટ અંતર્ગત

# એપીએમ ટર્મિનલ્સ પિપાવાવે તેના જ્ઞાનજયોત પ્રોજેકટ મજબૂત કર્યો

## પ્રવેશોત્સવનાં ભાગરૂપે વિદ્યાર્થીઓને લર્નિંગ કિટ્સ આપી



અમરેલી, તા. ૯

પીપાવાવ, ગુજરાત, ૮ જુલાઈ, ૨૦૨૬ : એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે તેની ફલેગશીપ પહેલ જ્ઞાનજયોત પ્રોજેકટ અંતર્ગત ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને અભ્યાસ માટે જરૂરી સામગ્રી સહિતની લર્નિંગ કીટસનું વિતરણ કરીને ગુણવત્તાયુકત અભ્યાસની પહોંચને વધુ મજબૂત કરી છે.

પ્રવેશોત્સવ અભિયાનના ભાગરૂપે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અને અભ્યાસને જાળવી રાખવા માટે પ્રોત્સાહન આપવા તેમજ વિદ્યાર્થીઓને આત્મવિસ સાથે શૈક્ષણિક વર્ષની શરૂઆત માટે જરૂરી સંસાધનો પૂરા પાડવાના ઉદ્દેશ્યની સાથે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે એક સુસજ્જ લાઈબ્રેરી, રામપરા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે સમર્પિત સેનિટેશન બ્લોક અને રાજુલાની સંઘવી ગર્લ્સ સ્કૂલમાં વિદ્યાર્થીનીઓ માટે આરઓ ફિલ્ટર્ડ પીવાના પાણીની સુવિધા પણ વિકસિત કરાઈ છે, જેનાથી અભ્યાસનો માહોલ વધુ સાનુકૂળ બન્યો છે.એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પહેલનો મુખ્ય આધારસ્તંભ શિક્ષણ છે. જ્ઞાનજયોત પ્રોજેકટ તથા મોબાઈલ સાયન્સ અને મેથેમેટિકસ લેબોરેટરી જેવા પૂરક કાર્યક્રમો સ્પાર્ક દ્વારા કંપની સ્વચ્છતા સુવિધાઓ,સલામત પીવાનું પાણી, કમ્પ્યુટર લેબોરેટરી, લાઈબ્રેરીઅને લર્નિંગ રિસોર્સ સેન્ટર સહિત જરૂરી શૈક્ષણિક માળખાકીય સુવિધાઓ ધરાવતી શાળાઓને નિયમિત ધોરણે સપોર્ટ કરે છે. આજે આસપાસના સમુદાયોમાં ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી ૨૦થી વધુ શાળાઓ આ પહેલોનો લાભ મેળવે છે.

વર્ષ ૨૦૧૬માં આ પહેલની શરૂઆત થઈ છે અને ત્યારથી પ્રોજેકટ જ્ઞાનજયોતે ગુણવત્તાયુકત શિક્ષણની ઉપલબ્ધતામાં સુધારો કરીને અને હાયર સ્કૂલમાં પ્રવેશને પ્રોત્સાહન આપીને પોર્ટની આસપાસના ગામડાઓમાં શૈક્ષણિક ઈકોસિસ્ટમને મજબૂત બનાવવામાં મદદ કરી છે. આ પહેલથી શૈક્ષણિક પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો થયો છે, જેમાં સેકન્ડરી સ્કૂલના પરિણામો ૬૧ ટકાથી વધીને ૮૭.૫ ટકા અને હાયર સેકન્ડરીના પરિણામો ૯૮.૫ ટકા સુધી પહોંચ્યા છે, જે અભ્યાસના પરિણામો ઉપર પ્રોગ્રામની સતત અસરને દર્શાવે છે. આ પ્રોગ્રામ દ્વારા પ્રાયોગિક શિક્ષણમાં વ્યાપક ભાગીદારીને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જેમાં બધી પ્રોજેકટ શાળાઓ હવે કલસ્ટર-સ્તરના સ્કૂલ ફેરમાં ભાગ લઈ રહી છે તેમજ ગ્રીન સ્કૂલ અને ડિજિટલ એજયુકેશન પ્રેકિટસ અપનાવી રહી છે. આ ઉપરાંત એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે થોડી ખાતે અંધ અને આંશિક રીતે અંધ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ-ગુણવત્તાવાળી કમ્પ્યુટર પ્રયોગશાળાની સ્થાપના કરીને સમાવિષ્ટ શિક્ષણને મજબૂત બનાવ્યું છે, જેનાથી ટેકનોલોજી-સક્ષમ શિક્ષણની વધુ સારી પહોંચ શકય બની છે.

આ પહેલ અંગે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવના મેનેજિંગ ડિરેકટર ગિરીશ અગ્રવાલે કહ્યું હતું કે, "શિક્ષણ એ સમુદાયના મજબૂત વિકાસનો પાયો છે. એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ ખાતે અમારૂ માનવું છે કે શૈક્ષણિક પરિણામો સુધારવા માટે એક સર્વાંગી અભિગમની જરૂર છે જે સુવિધા, માળખાગત સુવિધાઓ અને અર્થપૂર્ણ શૈક્ષણિક તકોને જોડે છે. જ્ઞાનજયોત અને સ્પાર્ક પ્રોજેકટ દ્વારાઅમે વિદ્યાર્થીઓ,શાળાઓ અને શિક્ષકોને ટેકો આપવા માટે કટીબધ્ધ છીએ, જે યુવાનોને તેમની સંપૂર્ણ ક્ષમતાનો અનુભવ કરાવવા અને તેમના સમુદાયોમાં યોગદાન આપવા સક્ષમ બનાવે છે."

શિક્ષણમાં સતત રોકાણો દ્વારા એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ પોર્ટની આસપાસના સમુદાયોમાં શિક્ષણ ઈકોસિસ્ટમને મજબૂત બનાવે છે, શૈક્ષણિક પરિણામો સુધારવામાં મદદ કરે છે, યુવાનો માટે ઉપલબ્ધ તકોને વિસ્તૃત કરે છે તેમજ પ્રદેશના ભવિષ્ય માટે મજબૂત પાયો બનાવે છે.

### રાજય મંત્રી કૌશિક વેકરિયા અને ધારાસભ્ય સોલંકી દ્વારા

# ખાંભાના કંટાળા ગામે ભારે વરસાદથી થયેલ નુકસાનનું નિરીક્ષણ કરવામાં આવ્યું

## તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવા સુચના અપાઈ



અમરેલી, તા.૯

ખાંભા તાલુકાના કંટાળા ગામમાં ચોમાસાના ભારે વરસાદના કારણે પુલ તૂટી જતાં સર્જાયેલી પરિસ્થિતિની રાજયના મંત્રી કૌશિક વેકરિયાએ સ્થળ પર પહોંચી રૂબરૂ સમીક્ષા કરી હતી. તેમની સાથે વહીવટી તંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીએ તૂટેલા પુલનું નિરીક્ષણ કરીને ગ્રામજનો સાથે ચર્ચા કરી અને અવર જવર તેમજ દૈનિક જીવનમાં ઉભી થયેલી મુશ્કેલીઓની માહિતી મેળવી હતી. પુલ તૂટી જવાને કારણે ગામના લોકોને આવન - જાવનમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રામજનોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે તાત્કાલિક વૈકલ્પિક માર્ગ અને અવર જવરની વ્યવસ્થા ઊભી કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારમાં જરૂરી રાહત અને સહાયની કામગીરી ઝડપથી શરૂ કરવા તેમજ પરિસ્થિતિ પર સતત નજર રાખવા માટે પણ અધિકારીઓને સક્રિય કરવામાં આવ્યા હતા. મંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે લોકોની સુરક્ષા સરકારની પ્રથમ પ્રાથમિકતા છે અને વરસાદી પરિસ્થિતિમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી ઊભી થાય તો તેનો ત્વરિત નિકાલ લાવવામાં આવશે.ગ્રામજનોએ પણ પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી, જેને ધ્યાનમાં લઈને તંત્રને ઝડપી અને અસરકારક કામગીરી કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### રાજયમંત્રી વેકરિયા અને ધારાસભ્ય કાકડીયા દ્વારા

# ગરમલી ગામે અતિવૃષ્ટિથી થયેલ નુકસાનનું નિરીક્ષણ કરાયું

## ગ્રામજનોને ઝડપથી સુવિધા આપવા સુચના



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે અનેક ગામોમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. આવી સ્થિતિ વચ્ચે રાજયના મંત્રી કૌશિક વેકરિયા અને ધારાસભ્ય જે.વી. કાકડિયાએ આજે ગરમલી ગામની મુલાકાત લઈને વરસાદથી થયેલા નુકસાનની સ્થળ પર સમીક્ષા કરી હતી. તેમની સાથે વહીવટી તંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.મંત્રી અને ધારાસભ્યએ ગામના પ્રભાવિત વિસ્તારોનું નિરીક્ષણ કરીને સ્થાનિક ગ્રામજનો સાથે સીધી વાતચીત કરી હતી. ભારે વરસાદના કારણે ખેતીના પાક, રહેણાંક મકાનો, ગ્રામ્ય માર્ગો, પાણી ભરાવાની સ્થિતિ તેમજ અન્ય જાહેર સુવિધાઓને થયેલા નુકસાન અંગે વિગતવાર માહિતી મેળવી હતી. ગ્રામજનોએ પોતાની મુશ્કેલીઓ અને માંગણીઓ રજૂ કરતાં બંને જનપ્રતિનિધિઓએ તેને ગંભીરતાથી સાંભળી હતી.મુલાકાત દરમિયાન અધિકારીઓ સાથે સ્થળ પર જ સમીક્ષા બેઠક યોજાઈ હતી. અસરગ્રસ્ત પરિવારોનું નુકસાનનું સર્વેક્ષણ ઝડપથી પૂર્ણ કરવા, પાત્ર લોકોને સરકારની સહાય અને વળતર સમયસર ઉપલબ્ધ કરાવવા તેમજ ગામમાં જરૂરી સુવિધાઓને ઝડપથી પૂર્વવત કરવા માટે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.મંત્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર અતિવૃષ્ટિથી પ્રભાવિત દરેક પરિવારની સાથે છે અને કોઈપણ નાગરિકને મુશ્કેલી ન પડે તે માટે તંત્ર સતત કાર્યરત છે. જયારે ધારાસભ્ય જે.વી. કાકડિયાએ પણ સ્થાનિક પ્રશ્નોનો સત્વરે ઉકેલ આવે અને વિકાસલક્ષી કામગીરીમાં કોઈ વિલંબ ન થાય તે માટે અધિકારીઓને સંવેદનશીલ અને ઝડપી કામગીરી કરવા સૂચના આપી હતી.

પ્રશાસન દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોની સુરક્ષા, રાહત તથા પુનઃસ્થાપન કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી રહી હોવાનું પણ મુલાકાત દરમિયાન જણાવાયું હતું.

રાજ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ રાજકોટના મગજ, મણકા તથા કરોડરજ્જુના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર-અમરેલીમાં તારીખ : ૧૦/૦૭/૨૦૨૬ શુક્રવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
મગજની તકલીફો
❖ અકસ્માત/ઈજા ❖ મગજની ગાંઠ / સતત માથામાં દુઃખાવો
❖ હેમરેજ ❖ મગજમાં પાણી ભરાવું ❖ એપિલેપ્સીની સારવાર
❖ ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા (ચહેરા પર કરંટ જેવા ઝટકા આવવા)
❖ ચહેરાનો એક બાજુનો ભાગ ખેંચાવો (હેમિફેશિયલ સ્પાસમ HFS )
કરોડરજ્જુની તકલીફો
❖ કમરમાં દુઃખાવો ❖ ગરદનમાં દુઃખાવો
❖ મણકાની ઈજાઓ ❖ ગાદીમાં ઘસારો ❖ સાયટીકાની તકલીફ
24/7 Emergency Services
ડો.પુનિત આર. ત્રિવેદી
ન્યુરો & સ્પાઈન સર્જન
ફેલો ઇન એપીલેપ્સી, બ્રેઇન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી,
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 98793 18088

# અમરેલી, ધારી અને ખાંભા પંથકમાં ભારે વરસાદથી નુકસાની થતાં

# અસરગ્રસ્ત થયેલ વિસ્તારમાં પહોંચ્યા રાજયમંત્રી કૌશિક વેકરિયા

**રાજયમંત્રી કૌશિક વેકરિયાએ ખેતીવાડી વિસ્તારો, ગ્રામ્ય વિસ્તારોમાં નદી-નાળા, જમીન અને માર્ગોનું નિરીક્ષણ કર્યુ**

**જરૂરિયાત પ્રમાણે માર્ગોની મરામત કરવા, નવા માઈનર બ્રિજ બનાવવા સહિતની સુચના આપી**

**વીજ પુરવઠો યુધ્ધનાં ધોરણે પૂર્વવત કરવા અધિકારીઓને સુચના આપી**

**ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, પ્રાંત અધિકારી મુલાકાત વેળા સાથે જોડાયા**



અમરેલી, તા. ૯

તાજેતરમાં અમરેલી, ધારી અને ખાંભા તાલુકામાં થયેલ ભારે વરસાદને પગલે ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ વિવિધ અસરગ્રસ્ત ગ્રામ્ય પંથકોની રૂબરૂ મુલાકાત લીધી હતી. રાજયમંત્રીએ ખેતીવાડી વિસ્તાર, પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઈને પરિસ્થિતિનું જાતે જ નિરીક્ષણ કર્યુ હતું અને સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુલાકાત વેળાએ ધારી–બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડિયા અને રાજુલાના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી પણ સાથે જોડાયા હતા.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી, ધારી અને ખાંભા તાલુકાના કેરિયાચાડ, ખડ ખંભાળિયા, શંભુપરા, સોનારિયા, લાપાળિયા, નાના ગોખરવાળા, ચાંદગઢ, મોટા ગોખરવાળા તેમજ ધારીના ગરમલી, કથીવદર અને ચરખા ઉપરાંત ખાંભાના કંટાળા સહિતના ગામોની પ્રત્યક્ષ મુલાકાત કરીને ગ્રામજનો પાસેથી પણ વિગતે માહિતી મેળવી હતી.

વિવિધ ગ્રામ્ય પંથકોની મુલાકાત દરમિયાન રાજયમંત્રીએ વરસાદના કારણે સર્જાયેલી પરિસ્થિતિ, સ્થાનિક નદી–નાળાની સ્થિતિ અને ધોવાણ પામેલા મુખ્ય તથા આંતરિક રસ્તાઓનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યુ હતું.

સ્થાનિક રજૂઆતો અને ભૌગોલિક સ્થિતિને ધ્યાને રાખીને રાજયમંત્રીએ વિવિધ ગામડાઓમાં જયાં જરૂરિયાત જણાય ત્યાં અને ગ્રામજનોની રજૂઆતોના પગલે રોડ–રસ્તાની તાત્કાલિક મરામત કરવા, પૂરના પાણીથી બચાવ માટે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## દામનગર બની રહ્યું છે ખાડાનગર



ભારતમાં ગુજરાત રાજયને વિકાસનું શ્રેષ્ઠ મોડલ ગણવાનો દાવો કરાય રહ્યો છે. ત્યારે દામનગર શહેરમાં પરિવર્તનના પવન વચ્ચે ડામર પાથરેલા માર્ગો પર પડી ગયેલા ખાડાઓથી હાલ વરસાદી માહોલ હોય અકસ્માત થાય તે પહેલાં તાકીદની અસરથી મરામત કરવામાં આવે એવી માંગ થઈ રહી છે. જો ધારાસભ્ય કે સંસદ સભ્ય અથવા મંત્રી સુચના આપે તો તરત તંત્ર કામે લાગે, જોકે આશા રાખીએ કે વર્તમાન સત્તાધીશો વધુ વિસ્તારમાં ખાડાઓ પડે તે પહેલાં અને કોઈ ઘટના ન બને તે પહેલાં ખાડાઓ બુરી દઈ લોકોને રાહત થશે કે પછી,.. વિકાસની વાતો કરાશે...!!?

**ઉનાનાં ઉમેજ ગામેથી દારૂ મંગાવાયેલ**

## ખાંભાનાં મોટા સમઢીયાળા ગામેથી દારૂની કુલ ૪૧૧ બોટલ ઝડપાઈ

**એક આરોપીની અટકાયત કરવામાં આવી**

અમરેલી, તા. ૯

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે રહેતા હાર્દિકભાઈ મધુભાઈ ખુમાણે અલગ–અલગ બ્રાન્ડની નાની–મોટી વિદેશી દારૂની બોટલો તથા બીયર ટીન બોટલો મળી કુલ નંગ–૪૧૧ જેની કિંમત રૂપિયા ૧,૦૪,૫૯૧નો પ્રોહી મુદ્દામાલ ઉના તાલુકાના ઉમેજ ગામે રહેતા આરોપી આસીફ ઉનડજામ પાસેથી વાઈટ કલરની કારમાં મંગાવી અને પોતાની સ્કુટરમાં ફેરા મારી પોતાના રહેણાંક મકાને વેચાણ અર્થે સંગ્રહ કરી મુદ્દામાલની હેરાફેરી કરતા આરોપીને પોલીસે મોટા સમઢીયાળા ગામેથી ઝડપી લીધો હતો.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

**સ્થાનિક પીઆઈનાં માર્ગદર્શનતળે કાર્યવાહી**

## રાજુલા : અપહરણ તથા પોકસોનાં ગુન્હામાં આરોપીની અટકાયત

**આરોપી વિરૂધ્ધ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરાઈ**



અમરેલી, તા. ૯

રાજુલા પોલીસ ઈન્સ વી.એમ. કોલાદરાની રાહબારી હેઠળ રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા રાજુલા પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭ (૨), ૮૭ તથા પોકસો એકટની કલમ ૧૮ મુજબનો ગુન્હો આચરી રાજુલાના દુર્લભનગરમાં રહેતા આરોપી સુનીલ રમેશભાઈ સોલંકી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા સારૂ ભાગી ગયેલ હોય અને સદરહુ બનાવની ગંભીરતા ધ્યાને લઈ રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા ટેકનીકલ તથા હયુમન સોર્સ આધારે આરોપી તથા ભોગ બનનારને શોધી કાઢી આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957 (Jitendra Chavda)
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)